dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યુઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યુઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS

# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26
Year -09 | Issue- 243 | AD - 2026, Jeth Vad -09 | Tuesday, Dt. 09-06-2026 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00

ગુજરાત સરકાર

૧૨ વર્ષ
વિશ્વાસના, વિકાસના, જનકલ્યાણના

ગુજરાત સરકાર દ્વારા અનુસૂચિત જનજાતિ (ST) પ્રમાણપત્ર મેળવવાની પ્રક્રિયાને સંપૂર્ણ ડિજિટલ બનાવવામાં આવી છે. નાગરિકો હવે ઘરે બેઠાં ડિજિટલ ગુજરાત પોર્ટલના માધ્યમથી અરજી કરી શકે છે અને મંજૂરી બાદ પ્રમાણપત્ર સીધું જ ડિજિટલ માધ્યમથી મેળવી શકે છે.

## અનુસૂચિત જનજાતિ (ST) પ્રમાણપત્ર
હવે ઘરે બેઠાં **ઓનલાઈન**

ST પ્રમાણપત્ર
ઓનલાઈન
કઈ રીતે મેળવવું?
**જાણો...**



### ઓનલાઈન અરજી કરવાની પ્રક્રિયા

> **પોર્ટલ વિઝિટ કરો:** www.digitalgujarat.gov.in
પોર્ટલ પર જઈ 'નાગરિક સેવાઓ' (Citizen Services) વિકલ્પ પસંદ કરો.

> **યોગ્ય સેવા પસંદ કરો:** સેવાઓની યાદીમાં અનુક્રમ નંબર 33 (જ્ઞાતિ ST પ્રમાણપત્ર - સુગમ) પર ક્લિક કરો.

> **ઘરે બેઠાં ફોર્મ ભરો:** કોઈપણ કચેરીએ ગયા વિના ઓનલાઇન માધ્યમથી સીધું જ ફોર્મ ભરી શકાશે.

> **આધાર-પુરાવા અપલોડ કરો:** ગુજરાત અનુસૂચિત આદિજાતિ (પ્રમાણપત્ર કાઢી આપવાનું અને તેની ખરાઈ કરવાનું નિયમન કરવા) બાબત નિયમો-૨૦૨૦ ના "નમૂના-ક" મુજબના આધાર-પુરાવા અપલોડ કરવા માટે તૈયાર રાખો.

### સેવાની વિશેષતાઓ અને લાભ

> **ડિજિટલ માધ્યમથી પ્રમાણપત્રની પ્રાપ્તિ:**
અરજી મંજૂર થયા પછી પ્રમાણપત્ર વોટ્સએપ અથવા ઈ-મેઈલ દ્વારા મોકલવામાં આવશે.

> **ગુજરાતી અને અંગ્રેજી ભાષામાં ઉપલબ્ધ:**
લાભાર્થીઓને બંને ભાષામાં પ્રમાણપત્ર મેળવવાની સુવિધા આપવામાં આવી છે.

> **સેવાની શરૂઆત:**
આ આધુનિક સેવા સમગ્ર ગુજરાતમાં તા. ૨૪/૦૩/૨૦૨૬થી ઉપલબ્ધ કરાવવામાં આવી છે.

ડિજિટલ માધ્યમથી ઘરે બેઠાં ST પ્રમાણપત્રની પ્રાપ્તિ, એ છેવાડાના માનવીના સશક્તિકરણ અને 'વિકસિત ગુજરાત'ના સંકલ્પને સાકાર કરવાની દિશામાં એક મજબૂત કદમ છે.
- **શ્રી હર્ષ સંઘવી,** નાયબ મુખ્યમંત્રી, ગુજરાત



વિકસિત ભારત,
વિકસિત ગુજરાત...



જન્મદિવસની
## શુભકામના

માનનીય શ્રી કૌશિકભાઈ વેકરીયા સાહેબને
જન્મદિવસની હાર્દિક શુભકામનાઓ.
પરમ કૃપાળુ ભગવાન આપને ઉત્તમ સ્વાસ્થ્ય, દીર્ઘાયુષ્ય, સુખ, સમૃધ્ધિ અને અવિરત સફળતા પ્રદાન કરે તેવી હાર્દિક પ્રાર્થના. જાહેર જીવનમાં આપ વધુ ઊંચાઈઓ સર કરો, જનસેવાના કાર્યમાં સતત પ્રગતિ કરો અને ગુજરાતના વિકાસમાં આપનું યોગદાન વધુ ઉજ્જવળ બને તેવી શુભેચ્છાઓ.

**શ્રી કૌશિકભાઈ વેકરીયા**
મંત્રીશ્રી, કાયદો ન્યાયતંત્ર, ઉર્જા પેટ્રોકેમીકલ્સ,
વૈધાનિક અને સંસદીય બાબતો (રાજ્ય કક્ષા - ગુજરાત સરકાર)

## અમરેલી હીરાબજાર એસોસીએશન
બોમ્બે માર્કેટ, લીલીયા રોડ, હીરાબજાર, અમરેલી-૩૬ ૫૬ ૦૧

પ્રમુખ: પ્રકાશભાઈ આર. કાબરીયા
ઉપ પ્રમુખ: મુકેશભાઈ એમ. રાદડીયા, વિપુલભાઈ જી. વામજા
ખજાનચી: દિનેશભાઈ વી. જાવિયા
મંત્રી: રાકેશભાઈ એલ. સાવલીયા
સહમંત્રી: ભરતભાઈ એમ. કાબરીયા, રઘુભાઈ એ. અકબરી, પ્રવીણભાઈ જી. પાનસુરીયા
સભ્ય: વિનુભાઈ એન. આંટાળા, કિશોરભાઈ એન. માલવિયા, વિઠ્ઠલભાઈ ડી. ગોંડલીયા, વિપુલભાઈ કે. પરમાર, દિનેશભાઈ આર. ગુણા, રમેશભાઈ એન. રાખોલીયા, જયેશભાઈ એચ. ચત્રોલા

POKAR GROUP
વર્ષોથી ગ્રાહકોનો વિશ્વાસ જીતી નવા રંગરોગાન સાથે
શરૂ થયેલા અમારા સોપાનનો
**બીજા વર્ષમાં**
## મંગલ પ્રવેશ
શુભ



## ઉમિયા પ્લાયવુડ

ઉમિયા પ્લાયવુડના સફળતાપૂર્વક પૂર્ણ થયેલા પ્રથમ વર્ષ અને બીજા વર્ષમાં મંગલ પ્રવેશ પ્રસંગે સંસ્થા સાથે જોડાયેલા તમામ ગ્રાહકો, શુભેચ્છકો અને સહયોગીઓનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરીએ છીએ.

આપના વિશ્વાસ, પ્રેમ અને સહકારથી અમે સતત પ્રગતિના માર્ગે આગળ વધી રહ્યા છીએ. નવા વર્ષમાં વધુ સારી ગુણવત્તા, શ્રેષ્ઠ સેવા અને ગ્રાહક સંતોષ સાથે કાર્ય કરવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરીએ છીએ.

આવનારો સમય ઉમિયા પ્લાયવુડ માટે વધુ સફળતા, સમૃદ્ધિ અને નવી સિદ્ધિઓ લઈને આવે તેવી શુભકામનાઓ.

**: સહયોગી ફર્મ :**
- આશાપુરા ફર્નિચર, અમરેલી.
- પોકાર મારબલ ઈન્ડસ્ટ્રીઝ, અમરેલી.
- પોકાર સિરામીક, અમરેલી.

**શુભેચ્છક**
મુળજીભાઈ વાલજીભાઈ પોકાર
માધવજીભાઈ વાલજીભાઈ પોકાર
લાલજીભાઈ વાલજીભાઈ પોકાર
ગોપાલભાઈ વાલજીભાઈ પોકાર
મો.૭૦૧૬૬ ૨૧૬૫૭ - ૯૪૨૮૭ ૧૨૫૬૩



**: શુભાશિષ :**
સ્વ. મરઘાબેન વાલજીભાઈ પોકાર
સ્વ. વાલજીભાઈ પ્રેમજીભાઈ પોકાર

સંજોગ ન્યૂઝ
આપણું અમરેલી
મંગળવાર, તા.૦૯-૦૬-૨૦૨૬

## વાંકીયા ગામ ખાતે આજે રક્તદાન કેમ્પનું આયોજન

# રાજયમંત્રી કૌશિકભાઈ વેકરિયાના જન્મદિવસ નિમિત્તે રક્તદાન

અમરેલી,તા.૦૮

ગુજરાત રાજ્યના કેબિનેટ મંત્રી અને અમરેલી વિધાનસભાના ધારાસભ્ય કૌશિકભાઈ વેકરિયાના જન્મદિવસ નિમિત્તે અમરેલી શહેરમાં વિશાળ રક્તદાન કરવામાં આવશે. વેદ વોલેન્ટરી બ્લડ સેન્ટરના સહયોગથી રક્તદાનનો મુખ્ય હેતુ જરૂરિયાતમંદ દર્દીઓને સમયસર રક્ત ઉપલબ્ધ કરાવવાનો છે

આ આયોજનમાં અમરેલી શહેર ભાજપના મહામંત્રી રાકેશભાઈ સાવલિયા તથા ડાયમંડ એસોસિયેશનના પ્રમુખ લલિતભાઈ ઠુંમરના સહયોગથી



વિશેષ વ્યવસ્થા કરવામાં આવી છે. આયોજકોના જણાવ્યા અનુસાર, સામાન્ય રીતે એક બોટલ રક્તની કિંમત આશરે રૂ.૧૦૦૦ જેટલી હોય છે, પરંતુ આ જન્મદિવસ નિમિત્તે અમરેલી જિલ્લાના કોઈપણ જરૂરિયાતમંદ વ્યક્તિને રક્ત વિનામૂલ્યે ઉપલબ્ધ કરાવવામાં આવશે.આ રક્તદાન કેમ્પ ૯ જૂન, ૨૦૨૬ના રોજ સવારે ૭:૦૦ વાગ્યાથી સાંજે ૭:૦૦ વાગ્યા સુધી યોજાશે. કાર્યક્રમનું સ્થળ અમરેલી શહેરના ચક્કરગઢ રોડ પર આવેલ મન પ્લાઝા લક્ષ્મી ડાયમંડની સામે નક્કી કરવામાં આવ્યું છે. જરૂરીયામંત દર્દીઓને આજના દિવસે વિનામૂલ્યે રક્ત મળી રહેશે. વાંકીયા મુકામે પણ આરોગ્ય મંદિર ખાતે રક્તદાન કેમ્પનું આયોજન કરાયું છે.

**જરૂરીયાતમંદ દર્દીઓને વિનામૂલ્યે રક્તની બોટલ અપાશે**

# અમરેલી સીટી પોલીસે સાયબર ક્રાઈમનો આરોપી ઝડપી પાડ્યો

અમરેલી,તા.૦૮

અમરેલી સીટી પોલીસ સ્ટેશનમાં નોંધાયેલ ઈન્વેસ્ટમેન્ટ સાયબર ફ્રોડના ગુનામાં સંડોવાયેલ આરોપી મહેન્દ્રજી મફાજી ઠાકોર (રહે. વરાણા, જી. પાટણ) ને પોલીસે ટેકનિકલ અને હ્યુમન સોર્સની મદદથી ઝડપી લીધો છે. આ શખ્સે ફરિયાદીને શેરબજારમાં રોકાણ પર સારા વળતરની લાલચ આપી રૂ.



૬૯,૪૪૧ પડાવી લીધા હતા. પોલીસ તપાસમાં સામે આવ્યું છે કે આરોપીના બેંક એકાઉન્ટમાં માત્ર બે મહિનાના ટૂંકા ગાળામાં રૂ. ૨,૭૪,૪૦,૧૯૭ ના શંકાસ્પદ ટ્રાન્જેક્શન થયા છે અને તેના પર ગુજરાત સહિત અન્ય રાજ્યોની કુલ ૦૮ સાયબર ફ્રોડની ફરિયાદો નોંધાયેલી છે. આ સફળ કામગીરી ભાવનગર રેન્જ આઈ.જી.પી. આર.વી. અસારી અને અમરેલી પોલીસ અધિક્ષક સંજય ખરાતના માર્ગદર્શન હેઠળ અમરેલી સીટી પોલીસની ટીમ દ્વારા કરવામાં આવી છે.

# બાબરા નગરપાલિકાનો લાંચીયો કર્મચારી એસીબીની ઝપટે ચડ્યો

બાબરા,તા.૦૮

અમરેલી એન્ટી કરપ્શન બ્યુરો (એ.સી.બી.) દ્વારા બાબરામાં એક સફળ ટ્રેપ ગોઠવીને બાબરા નગરપાલિકાના જુનિયર ક્લાર્ક અને ઈન્ચાર્જ સબ-રજીસ્ટ્રાર નનુભાઈ મામૈયાભાઈ ગમારાને રૂ. ૪,૦૦૦ની લાંચ સ્વીકારતા રંગેહાથ ઝડપી પાડવામાં આવ્યા છે. ફરિયાદીના મિત્રની દીકરીનો જન્મનો દાખલો કાઢી આપવા માટે આરોપીએ શરૂઆતમાં રૂ. ૫,૦૦૦ની માંગણી કરી હતી, જે રકઝકના અંતે રૂ. ૪,૦૦૦ નક્કી થઈ હતી. ફરિયાદી લાંચ



આપવા ન માંગતા હોવાથી તેમણે અમરેલી એ.સી.બી.નો સંપર્ક કર્યો હતો. એ.સી.બી.ની ટીમે બાબરા બાયપાસ પાસે આવેલી ઠાકરધણી હોટલ ખાતે છટકું ગોઠવીને આરોપીને લાંચની રકમ સ્વીકારતા જ સ્થળ પર દબોચી લીધા હતા. આ કામગીરી ઈન્ચાર્જ પી.આઈ. ટી.એસ. રિઝવી અને ઉચ્ચ અધિકારીઓના માર્ગદર્શન હેઠળ કરવામાં આવી હતી, જેનાથી સરકારી કચેરીઓમાં ભ્રષ્ટાચારીઓ વચ્ચે ફફડાટ વ્યાપી ગયો છે.

# જાફરાબાદ તાલુકાના કોળી કંથારીયા નજીક સસલાના શિકારના પ્રયાસમાં ત્રણ ઝડપાયા

જાફરાબાદ,તા.૦૮

જાફરાબાદ તાલુકાના કોળી કંથારીયા ગામ નજીક સસલાનો શિકાર કરવાનો પ્રયાસ કરતા ત્રણ શખ્સોને વન વિભાગે ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. ૭ જૂન, ૨૦૨૬ના રોજ શેત્રુંજી વન્યજીવ વિભાગ પાલીતાણાના માર્ગદર્શન હેઠળ જાફરાબાદ રેન્જના નાગેશ્રી બીટ



વિસ્તારમાં પેટ્રોલિંગ દરમિયાન આ કાર્યવાહી કરવામાં આવી હતી. વન વિભાગને માહિતી મળી હતી કે ખારા મેદાન વિસ્તારમાં કેટલાક લોકો સસલાને પકડવા માટે જાળ ગોઠવી શિકાર કરવાનો પ્રયાસ કરી રહ્યા છે. તપાસ દરમિયાન હરેશ બાબુ ચૌહાણ, સવજી બાબુ ચૌહાણ અને કૈલાસગીરી ભિખુગીરી ગોસ્વામી નામના ત્રણ આરોપીઓ ગુનો નોંધવામાં આવ્યો હતો. ત્રણેય આરોપીઓને કુલ રૂ. ૩૦ હજારનો દંડ ફટકારવામાં આવ્યો હતો. દંડની રકમ ભર્યા બાદ તેમને જાતમુચરકામાં મુક્ત કરવામાં આવ્યા હતા.

# અમરેલી જિલ્લા વાલ્મિકી સમાજની કારોબારી બેઠક યોજાઈ, વિવિધ આયોજન અંગે ચર્ચા કરાઈ

અમરેલી,તા.૦૮



આજરોજ અમરેલી જિલ્લા વાલ્મિકી સમાજ શિક્ષણ સંગઠનની પાંચમી કારોબારી બેઠક યોજાઈ હતી, જેમાં આગામી જૂન મહિનામાં વિદ્યાર્થી સન્માન સમારોહના ભવ્ય આયોજન અંગે વિસ્તૃત ચર્ચા-વિચારણા કરવામાં આવી હતી. આ બેઠક જિલ્લા પ્રમુખ શ્રી પંકજભાઈ વાળા, ઉપપ્રમુખ ભાવેશભાઈ વાળોદરા, મહામંત્રી રાહુલભાઈ ગોહેલ, મહામંત્રી રાજુભાઈ ચૌહાણ, સંગઠન મંત્રી મુકેશભાઈ વાઘેલા અને અમરેલી શહેર પ્રમુખ વિરુધ્ધભાઈ વાઘેલાની ગરિમામય અધ્યક્ષતામાં યોજાઈ હતી. બેઠક દરમિયાન સંગઠન મજબૂત કરવા માટે અમરેલી શહેરની ટીમમાં નવા હોદ્દેદારોની નિમણૂક કરવામાં આવી હતી.

## અન્ય ડેપોની બસ ખાલી હોવા છતાં બસ ફુલ હોવાનુ જણાવી

# બગસરા એસ.ટી.રીઝર્વેશન કર્મચારીના પાપે ધારી-ફતેપુરા બસ બંધ થયાની ચર્ચા

બગસરા,તા.૦૮

બગસરા ડેપોની બસમાં ટ્રાફિક જાણવવા માટે રીઝર્વેશન કર્મચારીઓ અન્ય ડેપોની બસમાં ટિકીટ બુક ન કરતા હોવાનું જાણવા મળતા એસ. ટી.વિભાગમાં ચકચાર મચી જવા પામી છે. આ બાબતે ડેપો મેનેજરે સુચના આપી હોવા છતાં કર્મચારીઓ મનમાની કરી અન્ય ડેપોમાં ટિકીટ બુક કરતા ન હોવાની મુસાફરો ફરિયાદ કરી રહ્યાં છે. બગસરા ડેપો દ્વારા બપોરે ૨:૪૫ની ફતેપુરા બસ ઉપડે છે. જો કે છેલ્લાં ૧૫ વર્ષ કરતા વધારે સમયથી ચાલતી ધારી-ફતેપુરા બસમાં બગસરા ડેપોની બસમાં ટ્રાફિક મળે તે માટે રીઝર્વેશન કર્મચારી અન્ય બસમાં ટિકીટ જ બુક કરતા ન હોવાને લીધે આ બસ છેલ્લાં ખાલી દોડતી હતી તો વિસાવદર-ફતેપુરા બસમાં પણ મુસાફરો ટિકીટ માંગે તો આપવામાં આવતી ન હોવાનું જાણવા મળ્યુ છે. આ બાબતે ડેપો મેનેજરનું પણ ધ્યાન દોરવામાં આવ્યું હતુ. આમ છતાં રીઝર્વેશન કર્મચારી બગસરા ડેપોની બસમાં ટ્રાફિક થાય તે માટે અન્ય બસનું રીઝર્વેશન કરતા નથી. જો આ રીતે કર્મચારીઓ મનમાની કરતા રહેશે તો આવનારા સમયમાં અન્ય ડેપોની બસની સુવિધા ઝુંટવાઈ જાય તેવી મુસાફરોને ચિંતા સતાવી રહી છે. કારણ કે ધારી-ફતેપુરા બસમાં રીઝર્વેશન કરવામાં આવતુ ન હોવાને કારણે આ જ બસ બંધ થઈ ગઈ હોવાનું ચર્ચાઈ રહ્યુ છે. આ બાબતે વિભાગીય નિયામક યોગ્ય તપાસ કરે અને જવાબદારો સામે કડક કાર્યવાહી કરે તેવી મુસાફરોમાંથી માંગ ઉઠવા પામી છે.

**પોતાના ડેપોની બસને ચલાવવા માટે અન્ય ડેપોની બસનો ટ્રાફિક તોડવાનો કારસો!**

# લીલીયા મોટા ખાતે તા. ૧૦ના રોજ વિશેષ ખેડૂત શિબિરનું કરાયું આયોજન

લીલીયા,તા.૦૮

લીલીયા મોટાની પટેલ વાડી ખાતે આગામી તા. ૧૦/૦૬/૨૦૨૬ના રોજ રાત્રે ૮.૦૦ કલાકે શ્રી ક્રિષ્ના ક્રેડિટ કો.ઓ. સોસાયટી લિ. અને કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, અમરેલીના સંયુક્ત ઉપક્રમે એક વિશેષ ખેડૂત શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. આ શિબિરમાં ઉપસ્થિત કૃષિ નિષ્ણાતો દ્વારા ખાતરનો કાર્યક્ષમ ઉપયોગ, મગફળી તથા કપાસની વૈજ્ઞાનિક ખેતી અને તેના રોગ-જીવાત નિયંત્રણ અંગે ખેડૂતોને સચોટ માર્ગદર્શન પૂરું પાડવામાં આવશે. આ સાથે જ મહિલાઓ પગભર થઈ પૂરક રોજગારી મેળવી શકે તેવા ઉદ્દેશ્યથી તા. ૧૦/૦૬/૨૦૨૬ થી તા. ૧૨/૦૬/૨૦૨૬ સુધી ત્રણ દિવસીય ગૃહ ઉદ્યોગ તાલીમ વર્ગનું પણ આયોજન કરાયું છે. જેમાં હોમ સાયન્સ વિભાગ દ્વારા મહિલાઓને કેરી પાપડ, મેંગો ફ્રૂટી, પાઈનેપલ જામ, ચિલી સોસ, નાનખટાઈ, ડોનટ અને ચોકલેટ કેક જેવી વિવિધ વાનગીઓ બનાવતા શીખવવામાં આવશે. આ કાર્યક્રમનું દીપ પ્રાગટ્ય અરૂણભાઈ પટેલ અને ઉદ્ઘાટન ભાવનાબેન ગોંડલીયાના હસ્તે થશે. સોસાયટીના ચેરમેન નીતિનભાઈ ત્રિવેદી તથા તમામ હોદ્દેદારોએ લીલીયા તાલુકાના વધુમાં વધુ લોકોને આ તકનો લાભ લેવા હાર્દિક અપીલ કરી છે.

# લીલીયામાં ૧૮ બોટલ વિદેશી દારૂ સાથે એક શખ્સ ઝડપાયો

અમરેલી, તા.૦૮

લીલીયા પોલીસ સ્ટેશનના પોલીસ કોન્સ્ટેબલ અમીનભાઈ શરીફભાઈ જુણેજાની ટીમે શાખપુર ગામ વિસ્તારમાં પેટ્રોલિંગ દરમિયાન દારૂના જથ્થા સાથે એક વ્યક્તિને ઝડપી પાડ્યો હતો. પોલીસે ઘનશ્યામભાઈ ઉર્ફે ઘુઘાભાઈ મેરામભાઈ ખુમાણ (ઉ.વ.૪૩), રહે. શાખપુર ગામ, તા. લાઠી, જી. અમરેલીને કબ્જે લીધો હતો. તપાસ દરમિયાન આરોપીના કબજામાં રહેલી સાઈડબેગમાંથી ભારતીય બનાવટનો વિદેશી દારૂ RJ Green Special Whisky ૪૨.૮%VV લખેલી ૧૮૦ એમ.એલ.ની કુલ ૧૮ પ્લાસ્ટિક બોટલો મળી આવી હતી, જેની અંદાજિત કિંમત રૂ. ૧,૬૨૦ હોવાનું જાણવા મળ્યું હતું. ઉપરાંત આરોપી પાસે રહેલી હીરો કંપનીની સ્પ્લેન્ડર પ્લસ મોટરસાયકલ, જેના રજીસ્ટ્રેશન નંબર ઉપલબ્ધ ન હતા, તે પણ કબજે લેવામાં આવી હતી. પોલીસે તપાસ અર્થે રૂ. ૧૫,૦૦૦ કિંમતની મોટરસાયકલ તથા રૂ. ૧૦,૦૦૦ કિંમતનો Vivo રૂ૩૯ 5G મોબાઈલ ફોન જપ્ત કર્યો હતો. કુલ રૂ. ૨૬,૬૨૦ના મુદ્દામાલ સાથે આરોપી સામે પ્રોહિબિશન અધિનિયમ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

**પોલીસે મોટરસાયકલ સહિત રૂા.૨૬,૬૨૦નો મુદ્દામાલ જપ્ત કર્યો**

Jitendra Sanghani
Cell : 98254 22922
MARUTI SUZUKI
મારૂતિ સુઝુકી સર્વિસ સ્ટેશનનું એકમાત્ર સ્થળ તથા
સંપૂર્ણ આધુનિક સુવિધા સાથેનો વિશ્વાસપાત્ર અને અનુભવી સ્ટાફ
કારકેર સેન્ટર
(Maruti Authorised Workshop)


વ્હીલ એલાઈમેન્ટ,વ્હીલ બેલેન્સીંગ, મીકેનીક કામ,
રીપેરીગ, વોશિગ તેમજ સર્વિસ કરી આપનાર
ચકકરગઢ રોડ, અમરેલી-૩૬૫ ૬૦૧
ફોનઃ ૦૨૭૯૨ ૨૨૦૦૯૯, E-mail: carcarerushi@rediffmail.com




|| શ્રી ગણેશાય નમઃ || || શ્રી ૧૧ || || શ્રી બાલમુકુંદજી પ્રભુ વિજયતે ||
અમરેલીના આંગણે વિશ્વાસ અને સુંદરતાનું નવું સરનામું...

યમુના જવેલર્સ
(અમરાપુર વાળા)
અમે અત્યંત આનંદ સાથે જણાવીએ છીએ કે,
આપના અતૂટ વિશ્વાસ અને સાથ-સહકારને કારણે
યમુના જવેલર્સ હવે એક ભવ્ય અને
નવા સોપાન સાથે આપની સેવામાં સજ્જ છે.
- શુદ્ધતાની ખાતરી : 100% હોલમાર્કવાળા દાગીના
- નવીનતમ ડિઝાઈન : એન્ટિક, રાજવાડી અને મોર્ડન જવેલરીનો વિશાળ ખજાનો
- પારદર્શક વ્યવહાર : વ્યાજબી મજૂરી અને વિશ્વાસપાત્ર સર્વિસ
અમારા નવા આધુનિક શો-રૂમની મુલાકાત લો અને આપની સુંદરતામાં ચાર ચાંદ લગાવો.
સ્થળ : દુ.નં. - ૩, પટેલ વાડી શોપિંગ સેન્ટર, હીરામોતી ચોક, લીલીયા રોડ, અમરેલી.
હીરેનભાઈ ચંદુભાઈ સોની
મો. ૯૪૨૯૨ ૨૦૮૪૭/૮૧૪૧૨ ૦૭૭૩૬

**અસામાજિક તત્વો સામે કડક કલમ લગાડવા ગ્રામજનોનું અધિકારીઓને અલ્ટીમેટમ**

# ખોટી ફરિયાદ બાબતે મોટા આંકડીયા ગ્રામજનોનું રોષભેર આવેદન

અમરેલી,તા.૦૮

અમરેલી તાલુકાના મોટા આંકડીયાના ગ્રામજનોએ અસામાજિક તત્વો સામે કડક કાર્યવાહી કરવા જિલ્લા પોલીસ વડાને આવેદનપત્ર આપી રજૂઆત કરેલ છે. રજૂઆતમાં જણાવેલ છે કે, મોટા આંકડીયા સમસ્ત ગ્રામજનો તથા તળાવ ઉત્થાન સમિતિ દ્વારા ઐતિહાસીક ગાયકવાડી તળાવને ઉંડા ઉતરાવવાનું કાર્ય પૂરજોશમાં ચાલી રહ્યુ છે. પરંતુ આ કામ દરમ્યાન નરેશ વાળા નામનો ઈસમ અને રામજી ચૌહાણ દ્વારા સરકારી મંજૂરી હોવા છતા ખોટી ફરિયાદો કરી જેસીબી અને ટ્રેકટર જેવા વાહનો અને સાધનોને અટકાવી ગ્રામજનોને ધમકાવી કામ બંધ રાખવાના પ્રયાસો કર્યા હતા. નરેશ વાળા અને રામજી ચૌહાણ દ્વારા આ ગુનાહિત માનસિકવૃતિ અને વિકાસ





વિરોધી માનસિકતાને કારણે ગામના જળસંચયના ભગીરથ કાર્યને નુકસાન થતુ હોવાની ગ્રામજનોમાં રોષ ફેલાયો છે. નરેશ વાળા અધિકારી સામે ખોટા વિડીયો બનાવી દાદાગીરી કરતા હોય અને સોશ્યલ મિડિયાના માધ્યમથી અધિકારીઓ ધમકાવી પૈસા પડાવાના અનેક ફરિયાદો અમરેલીના પોલીસ ચોપડે નોંધાયેલી છે. તેથી આવા ઈસમો સામે કડક કલમ લગાવી યોગ્ય કાર્યવાહી કરવામાં આવે તેવી રજૂઆત કરવામાં આવી છે.

**નિરાકરણ નહી આવે તો રાજય સ્તરે આંદોલન કરાશે : ખેડૂત હિત રક્ષક સમિતિ**

ખેડૂત હિત રક્ષક સમિતિએ માંગ કરી છે કે તળાવ સંબંધિત ખોટી અને ભ્રામક ફરિયાદો તાત્કાલિક પરત ખેંચવામાં આવે તેમજ ગામોની શાંતિ, એકતા અને સુલેહમાં વિક્ષેપ ઉભો કરનાર તત્વો સામે ગુનો નોંધી કડક કાનૂની કાર્યવાહી કરવામાં આવે. ગ્રામજનોએ તંત્રને ચેતવણી આપતાં જણાવ્યું હતું કે જો આ મુદ્દે યોગ્ય અને સમયસર કાર્યવાહી કરવામાં નહીં આવે તો સમગ્ર રાજ્ય સ્તરે આંદોલન ચલાવવામાં આવશે અને જરૂર પડશે તો ગાંધીનગર સુધી રજૂઆતો તથા વિરોધ કાર્યક્રમો યોજવામાં આવશે. આવેદનપત્ર આપતી વેળાએ મોટી સંખ્યામાં ખેડૂતો, સમાજના આગેવાનો અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર મામલે હવે જિલ્લા તંત્ર શું પગલાં ભરે છે તેના પર સૌની નજર મંડાઇ છે.

## બાબરાના નાની કુંડળમાં તીનપત્તી જુગાર રમતા પાંચ શખ્સ ઝડપાયા

અમરેલી,૦૮

બાબરા પોલીસ સ્ટેશનના પોલીસ કોન્સ્ટેબલ રાજુભાઈ હકુભાઈ ભુકણની ટીમે નાની કુંડળ ગામે સફળ રેડ કરીને તીનપત્તી જુગાર રમતા પાંચ શખ્સોને ઝડપી પાડ્યા હતા. પોલીસને મળેલી બાતમીના આધારે દિલીપભાઈ માવજીભાઈ ભાલીયાના મકાન નજીક ખુલ્લી જગ્યામાં ધાબાના છાયા નીચે કેટલાક લોકો જુગાર રમી રહ્યા હોવાની માહિતી મળી હતી. પોલીસ ટીમે સ્થળ પર પહોંચી કાર્યવાહી કરતાં જગદીશભાઈ ઉર્ફે જગો ભોળાભાઈ કટારીયા, દિનેશભાઈ શંભુભાઈ ચૌહાણ, સુખાભાઈ સોંડાભાઈ સોસા, વિભાભાઈ જાગાભાઈ બારડ અને છગનભાઈ મેરામભાઈ ધોરાળીયાને જુગાર રમતા ઝડપી પાડ્યા હતા. સ્થળ પરથી ગંજીપત્તાના ૫૨ પાનાં અને રોકડ રકમ મળી કુલ રૂ. ૧૨,૬૮૦નો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો હતો. પોલીસે તમામ આરોપીઓ સામે જુગારધારા હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## અકસ્માતે મૃત્યુ પામનાર ખેડૂતના વારસદારને સાવરકુંડલા માર્કેટયાર્ડ દ્વારા ચેક એનાયત

સાવરકુંડલા,તા.૦૮

સાવરકુંડલા તાલુકામાં જનતા પર્સનલ એકસિડન્ટ વીમા પોલિસી યોજના અંતર્ગત દરેક ખાતેદાર ખેડુતો, લાયસન્સદાર વેપારીઓ, મજૂરોનું જુથમાં વિમા પ્રીમીયમ એ.પી.એમ.સી. સાવરકુંડલા દ્વારા પ્રતિવર્ષ ભરીને ખેડુત પરીવારોને રૂા. ૧,૦૦,૦૦૦/- ના અકસ્માત વિમા કવચથી આવરી



લેવામાં આવે છે. જે અંતર્ગત અકસ્માતથી મૃત્યુ પામનાર આંબરડી ગામના ખેડુત સ્વ.મંજુલાબેન ધીરુભાઈ સાવલિયાના વારસદારને રૂપીયા એક લાખનો ચેક એ.પી.એમ.સી.ના ચેરમેન દિપકભાઈ માલાણી દ્વારા એનાયત કરવામાં આવેલ. આ તકે એ.પી.એમ.સી.ના ડીરેકટર બાબુભાઈ માલાણી, તાલુકા પંચાયત ઉપપ્રમુખ બાવચંદભાઈ ચોડવડીયા સહિત ગામના અગ્રણીઓ, આંબરડી સેવા સહકારી મંડળીના મંત્રી ભાવેશભાઈ ચૌહાણ અને એ.પી.એમ.સી. એકાઉન્ટન્ટ મુકેશભાઈ ચોવટીયા ઉપસ્થિત હતા.

## લાઠીમાં આજે કવિ કલાપીની પુણ્યતિથિએ સાહિત્ય કાર્યક્રમનું કરાયું આયોજન

અમરેલી,તા.૦૮

લાઠીમાં કવિ કલાપીની ૧૨૬મી પુણ્યતિથિ નિમિત્તે આરાધના ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમ ૯ જૂનના રોજ રાત્રે ૯ કલાકે યોજાશે.આ પ્રસંગે કવિ કલાપીના પત્રોનું વાંચન કરવામાં આવશે, જે સાહિત્યમાં તેમના સમૃધ્ધ યોગદાનને યાદ કરશે. કાર્યક્રમનું શીર્ષક 'લિખિતન સુરસિંહ' રાખવામાં આવ્યું છે.

આ કાર્યક્રમ લાઠીના ઠાકોર સાહેબ કીર્તિ કુમાર સિંહજીના નિવાસસ્થાન, કીર્તિ કોટેજ ખાતે યોજાશે. આરાધના ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા નગરજનોને કવિ કલાપીના પત્રો વાંચન કરવા અને આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા માટે જાહેર નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે. આરાધના ચેરિટેબલ ટ્રસ્ટના પ્રમુખે આ કાર્યક્રમમાં સૌને પધારવા અપીલ કરી છે.

## રાજુલા મહાત્મા ગાંધી આરોગ્યમંદિરમાં સંતો-મહંતો દ્વારા રૂ. ૫૧ હજારનું દાન અર્પણ

રાજુલા,તા.૦૮

રાજુલા સ્થિત મહાત્મા ગાંધી આરોગ્ય મંદિરની આજે રવિવારે સંતો, મહંતો અને તબીબોએ વિશેષ મુલાકાત લીધી હતી. આ પ્રસંગે પૂજ્ય શરદભાઈ વ્યાસે (દાદા) હોસ્પિટલની લોકસેવા પ્રવૃત્તિઓને બિરદાવી, પૂજ્ય મોરારી બાપુના આશીર્વાદને યાદ કર્યા હતા. તેમણે પૂર્વ ધારાસભ્ય અંબરીશ ડેર સહિતના ટ્રસ્ટીઓની નિષ્ઠાને વધાવી સંસ્થાને રૂ. ૫૧,૦૦૦નું



દાન અર્પણ કર્યું હતું.આ ઉપરાંત, સેવાભાવી તબીબ ડૉ. કનુભાઈ કળસરિયા અને પૂજ્ય અમરદાસ બાપુ સહિતના અગ્રણીઓએ પણ મુલાકાત લીધી હતી.

## અમરેલીમાં આજે ઉર્જામંત્રી કૌશિક વેકરીયા નવી મા.શાળામાં બાળકોને પ્રવેશ અપાવશે

અમરેલી,તા.૦૮

અમરેલી શહેરના શિક્ષણ ક્ષેત્ર માટે ગૌરવપૂર્ણ ક્ષણ રૂપે સરકારી માધ્યમિક શાળા, અમરેલી શહેરનો શુભ પ્રારંભ તા. ૯ જૂન, ૨૦૨૬ના રોજ કરવામાં આવશે. રાજ્યના ઊર્જા અને કાયદા વિભાગના રાજ્યમંત્રી કૌશિકભાઈ વેકરીયાના હસ્તે યોજાનારા આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓને પ્રવેશ અપાવી શિક્ષણના નવા અધ્યાયની શરૂઆત કરાવવામાં આવશે. શહેરની પ્રથમ સરકારી માધ્યમિક શાળા તરીકે શરૂ થતી આ સંસ્થા વિદ્યાર્થીઓને ગુણવત્તાસભર, આધુનિક અને સર્વાંગી વિકાસલક્ષી શિક્ષણ પ્રદાન કરશે. કાર્યક્રમ સવારે ૧૧:૩૦ કલાકે યોજાશે, જ્યારે વિદ્યાર્થીઓના પ્રવેશની પ્રક્રિયા સવારે ૮:૦૦થી ૧૧:૩૦ કલાક સુધી હાથ ધરવામાં આવશે. શાળાનું હાલનું સંચાલન રોકડિયાપરા પ્રાથમિક



શાળા, અમરેલી ખાતે કરવામાં આવશે. નવી શાળામાં અનુભવી શિક્ષકોનું માર્ગદર્શન, આધુનિક વિજ્ઞાન પ્રયોગશાળા, ડિજિટલ ક્લાસરૂમ, રમતગમતની સુવિધાઓ, સમૃધ્ધ પુસ્તકાલય તેમજ સંસ્કાર આધારિત શિક્ષણ પર વિશેષ ભાર મૂકવામાં આવશે.





સંકુલ All PG કોલેજ મોર્નિંગ
બપોર પછી પેરન્ટ્સ સમંતિથી સીટીમાં જોબમાં જવાની છૂટ
MA-M.Com.-M.Sc.-MBA-MCA
M.Pharm. - PG DMLT - B.Ed.
શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત સંચાલિત
શ્રી લેઉવા પટેલ ટ્રસ્ટ સ્કૂલ કોલેજ હોસ્ટેલ
સ્થળ:-શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ(ગર્લ્સ), ચક્કરગઢ રોડ, અમરેલી- Ad101








### વિષયઃ-દસ્તાવેજ કરતા પુર્વે ની જાહેર નોટીસ

આથી અમો નીચે સહી કરનાર શ્રી રાકેશભાઈ રમેશભાઈ દેવાણી એડવોકેટ એ લાગતા વળગતા સર્વેને આ જાહેર નોટીસ થી જાણ/તાકીદ કરવામા આવે છે આ જાહેર નોટીસ આપી જણાવું છુ.

અમરેલી ડીસ્ટ્રીકટ સબ ડીસ્ટ્રીકટ તાલુકોઃ-કુંકાવાવ, વડીયા, મોજેઃ-માયાપદાર ના ખેડ ખાતા નં.૬૮ જેના રે. સર્વે નં.૯૫ પૈકી ૧ ના કુલ હે. આરે. ક્ષેત્રફળ :-૧-૬૧-૮૮ ચો.મી. જે જુની શરતની જમીન અમોના અસીલ ખરીદવા માંગે છે જે ખેતી ની બિનપીયત જમીન સદરહુ જમીન ના માલીક, કબજેદાર અને ધારણકર્તા (૧) સાવલિયા શાંતાબેન ઘનાભાઈ, (૨) ભાવનાબેન રવજીભાઈ પોકિયા ના સયુંકત નામે ચાલી આવેલ છે મજકુર મિલક્ત ના ટાઈટલ સંપુર્ણ ચોખ્ખા, કલીયર, માર્કેટેબલ હોવાનુ જણાવીને તેમજ મજકુર મિલકત અમોના અસીલ સીવાય અન્ય કોઈનો કોઈ પણ પ્રકારનો હકક, હીત, હીસ્સો, લાગભાગ ચાલી આવેલ નથી તેવુ જણાવીને મજકુર મિલકત અમો દેસાઈ વસંતભાઈ છગનભાઈ ને વેચાણ આપવા માટે નક્કી કરેલ છે. જેથી સદરહુ મિલકત મા જો કોઈ નો વાંધો વિરોધ કે હક્ક, હીત, સંબંધ, લાગભાગ, દરદાવો કે ઈઝમેન્ટ તથા અન્ય કોઈ પણ રીતે હકક હીસ્સો હોય અથવા તો કોઈ બેંક કે સંસ્થાનુ લેણુ હોય અગરતો તબદીલી અંગે ના કોઈ પણ લખાણો હોય તો તેઓએ નીચે ના સરનામે દિન-૧૨ મા પુરાવા સહીત લેખીત જાણ કરવી જો તેમ કરવામા કસુર થશે તો આ નોટીસ ની મુદત વિત્યે સદર મિલકતમાં કોઈ વ્યક્તિ કે સંસ્થા ના કોઈ પણ પ્રકાર નો હકક હીન, હીસ્સો કે લેશુ નથી અને હોય તો જતો કરેલ છે તેમાંની અમારા અસીલ મજકુર મિલ્કત વેચાણ દસ્તાવેજ કરાવી લેશે અને ત્યાર પછી કોઈ પણ વ્યક્તિ કે સંસ્થા ની કોઈ પણ જાત ની તકરાર વાંધો વિરોધ ચાલશે નહી અને તેવા ઈસમોને કોઈ પણ જાતના હકકો પ્રાપ્ત થશે નહીં, જેની જનતાને નોંધ લેવી.

સરનામુઃ-અમરેલી
જનસેવા પાસે, સિવિલ રોડ,
રામ કૃષ્ણ ડોક્યુમેન્ટ એન્ડ નોટરી
અમરેલી-૩૬૫૬૦૧

સહી
લી.આપનો વિશ્વાસુ
રાકેશભાઈ રમેશભાઈ દેવાણી

### -//એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ લીલીયાની કોર્ટમાં //-

જન્મ રજી.નં.૫૪/૨૦૨૬

શ્રી લાલજીભાઈ પ્રાગજીભાઈ કિકાણી
રહે.અંટાળીયા તા.લીલીયા જિ.અમરેલી
.........અરજદાર

-: વિરૂધ્ધ :-

જન્મ મરણ રજીસ્ટ્રારશ્રી,
ગ્રામ પંચાયત-વ-તલાટી કમ મંત્રીશ્રી, અંટાળીયા ........સામાવાળા

**જાહેર નોટીસ**

**બાબત :- જન્મ-મરણ અધિનીયમ કલમ-૧૩(૩) મુજબ જન્મની નોંધણી કરાવવા બાબત**

આથી આ જાહેર નોટીસથી લાગતા વળગતા ઈસમોને જણાવવામાં આવે છે કે અરજદરાશ્રી લાલજીભાઈ પ્રાગજીભાઈ કિકાણીના પુત્ર દિનેશભાઈ લાલજીભાઈ કિકાણીનો જન્મ તા.૦૧/૦૯/૧૯૮૧ના રોજ અંટાળીયા મુકામે થયેલ છે. અને તેમના જન્મ અંગેની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરાવવાની રહી ગયેલ છે. તે અંગેની નોંધણી કરાવવા અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. તો સદર જન્મની નોંધણી કરાવવા સામાવાળા ને હુકમ કરવા સામે કોઈપણ ઈસમોને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦ માં લેખીત વાંધો રજુ કરવો.લેખીત વાંધો રજુ ન થયેથી વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે.જેની નોંધ લેશો.

આજ રોજ તા.૦૨/૦૬/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કચેરીનો ગોળ સીક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

સહી
તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ
લીલીયા






### -//એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ લીલીયાની કોર્ટમાં //-

જન્મ રજી.નં.૬૪/૨૦૨૬

શ્રી અનવરશા રમજુશા સબદીયા
રહે.ચિતલ ઠે.૨૭૮૬ ધુડખાડા તા.જિ.અમરેલી
.........અરજદાર

-: વિરૂધ્ધ :-

જન્મ મરણ રજીસ્ટ્રારશ્રી,
ગ્રામ પંચાયત-વ-તલાટી કમ મંત્રીશ્રી, સલડી ........સામાવાળા

**જાહેર નોટીસ**

**બાબત :- જન્મ-મરણ અધિનીયમ કલમ-૧૩(૩) મુજબ જન્મની નોંધણી કરાવવા બાબત**

આથી આ જાહેર નોટીસથી લાગતા વળગતા ઈસમોને જણાવવામાં આવે છે કે અરજદરાશ્રી અનવરશા રમજુશા સબદીયાનો પોતાનો જન્મ તા.૦૧/૦૧/૧૯૭૦ના રોજ સલડી મુકામે થયેલ છે. અને તેમના જન્મ અંગેની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરાવવાની રહી ગયેલ છે. તે અંગેની નોંધણી કરાવવા અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. તો સદર જન્મની નોંધણી કરાવવા સામાવાળા ને હુકમ કરવા સામે કોઈપણ ઈસમોને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦ માં લેખીત વાંધો રજુ કરવો.લેખીત વાંધો રજુ ન થયેથી વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે.જેની નોંધ લેશો.

આજ રોજ તા.૦૩/૦૬/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કચેરીનો ગોળ સીક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

સહી
તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ
લીલીયા

# જાફરાબાદ તાલુકામાં ખેડૂતોને મફત મગફળી બિયારણનું વિતરણ કરાયું

જાફરાબાદ,તા.૦૮

ગુજરાત સરકાર દ્વારા જાફરાબાદ તાલુકાના ખેડૂતો માટે એક પ્રશંસનીય અને કલ્યાણકારી કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જે ખેડૂતોએ મગફળીના બિયારણ માટે ઓનલાઈન અરજી કરી હતી, તેમાંથી ડિજિટલ ડ્રો પધ્ધતિ દ્વારા ૩૦૦ ખેડૂતોની પસંદગી કરવામાં આવી છે. આ યોજના અંતર્ગત



પ્રત્યેક લાભાર્થી ખેડૂતને પાંચ મણ મગફળીનું બિયારણ તદન મફત આપવામાં આવશે, જેની અંદાજિત કિંમત ખેડૂત દીઠ ૧૫,૦૦૦ રૂપિયા થાય છે.આ નિઃશુલ્ક વિતરણ કાર્યક્રમનો શુભારંભ આજરોજ ટીંબી માર્કેટિંગ યાર્ડ ખાતેથી કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે તાલુકા ભાજપ પ્રમુખ કુલદીપભાઈ વરૂ, ટીંબી જિલ્લા પંચાયત સદસ્ય રમેશભાઈ બાંભણિયા, તાલુકા પંચાયત પ્રમુખ ધનસુખભાઈ ડાભી, તાલુકા પંચાયત સદસ્ય તુષારભાઈ ત્રિવેદી તેમજ તાલુકા ખેતીવાડી અધિકારી અને ભારતીય જનતા પાર્ટીના અન્ય અગ્રણીઓ ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

# બગસરાની મેઘાણી હાઈસ્કૂલમાં વિજ્ઞાન પ્રવાહ બંધ થવાની ભીતિ

**શિક્ષણનું સ્તર સુધારવા 'બગસરા સર્વાંગી વિકાસ ટ્રસ્ટ' દ્વારા મુખ્યમંત્રીને રજૂઆત**

બગસરા,તા.૦૮

બગસરા નગરપાલિકા સંચાલિત અને વિસ્તારની શૈક્ષણિક ધરોહર સમાન મેઘાણી હાઈસ્કૂલમાં કથળતા શિક્ષણના સ્તરને કારણે વિજ્ઞાન પ્રવાહ બંધ થવાની ગંભીર પરિસ્થિતિ ઊભી થઈ છે. આ બાબતને ધ્યાને લઈને વિસ્તારના હિતમાં કાર્યરત 'બગસરા સર્વાંગી વિકાસ ટ્રસ્ટ' દ્વારા રાજ્યના મુખ્યમંત્રી અને શિક્ષણમંત્રીને લેખિત પત્ર પાઠવીને ત્વરિત પગલાં ભરવા રજૂઆત કરવામાં આવી છે.ટ્રસ્ટે જણાવ્યું છે કે આ શાળા મધ્યમ અને ગરીબ વર્ગના વિદ્યાર્થીઓ માટે ઉચ્ચ શિક્ષણનું એકમાત્ર કેન્દ્ર છે. પરંતુ પૂરતા સ્ટાફની અછત, આયોજનનો અભાવ અને વહીવટી ઉદાસીનતાને કારણે વિદ્યાર્થીઓની સંખ્યા સતત ઘટી રહી છે, જેના લીધે વિજ્ઞાન પ્રવાહ બંધ થવાના આરે છે.

જો આ સરકારી સંચાલિત પ્રવાહ બંધ થશે, તો ગ્રામ્ય વિસ્તારના આર્થિક રીતે નબળા વિદ્યાર્થીઓ મોંઘી પ્રાઈવેટ શાળાઓની ફી નહીં ભરી શકે અને તેમનું ભવિષ્ય રોળાઈ જશે.ટ્રસ્ટ દ્વારા શિક્ષણનું સ્તર સુધારવા માટે ખાસ મોનિટરિંગ રાખવાની માંગ કરવામાં આવી છે. જો વહેલી તકે યોગ્ય નિર્ણય લેવામાં નહીં આવે, તો આગામી દિવસોમાં વિદ્યાર્થીઓ અને વાલીઓને સાથે રાખીને ઉગ્ર આંદોલન કરવાની ચીમકી પણ ઉચ્ચારવામાં આવી છે.

# દામનગરમાં તીનપત્તી જુગાર રમતા ત્રણ શખ્સ ઝડપાયા

અમરેલી,તા.૦૮

દામનગર શહેરમાં જાહેર સ્થળે તીનપત્તીનો હારજીતનો જુગાર રમતા ત્રણ શખ્સોને પોલીસે ઝડપી પાડ્યા હતા. પ્રાપ્ત વિગતો મુજબ દામનગર ટાઉનના ભવાની ચોક વિસ્તારમાં બટુકભાઈ પુનાભાઈ ડાભીના મકાન પાસે બટુકભાઈ પુનાભાઈ ડાભી (ઉં.વ.૫૮), મનહરભાઈ પ્રેમજીભાઈ ગોહિલ (ઉં.વ.૪૦) અને રાજેશભાઈ સુભાષભાઈ ગોસ્વામી (ઉં.વ.૪૨), ત્રણેય રહેવાસી દામનગર, જાહેર જગ્યામાં પૈસા અને ગંજીપત્તાના પાનાં વડે તીનપત્તીનો જુગાર રમી રહ્યા હતા. બાતમીના આધારે દામનગર પોલીસે દરોડો પાડી કાર્યવાહી હાથ ધરી હતી. સ્થળ પરથી રોકડા રૂ. ૧૨,૮૩૦ તથા ૫૨ ગંજીપત્તાના પાનાં મળી આવ્યા હતા. પોલીસે તમામ મુદ્દામાલ કબજે કરી ત્રણેય આરોપીઓની અટકાયત કરી ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી છે.

# આજે અમરેલીમાં કૌશિક વેકરીયાના હસ્તે રૂ. ૩૮૫.૪૮ લાખના ખર્ચે વિકાસકાર્યોનું ખાતમુહૂર્ત

અમરેલી,તા.૦૮

અમરેલી શહેરના સર્વાંગી વિકાસને વધુ ગતિ આપવા માટે અમરેલી નગરપાલિકા દ્વારા રૂ. ૩૮૫.૪૮ લાખના વિવિધ વિકાસકાર્યોના ખાતમુહૂર્ત કાર્યક્રમનું આયોજન તા. ૯ જૂન, ૨૦૨૬ના રોજ કરવામાં આવ્યું છે. સવારે ૧૧ વાગ્યે પોલીસ હેડક્વાર્ટર્સ ખાતે યોજાનારા કાર્યક્રમમાં રાજ્યના ઊર્જા અને કાયદા વિભાગના રાજ્યમંત્રી કૌશિકભાઈ વેકરીયા મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહી વિકાસકાર્યોનું ખાતમુહૂર્ત કરશે. નગરપાલિકા દ્વારા શહેરના વિવિધ વિસ્તારોમાં આવેલી ૨૧ આંગણવાડીઓમાં કમ્પાઉન્ડ વોલના નિર્માણ કાર્યનો પ્રારંભ કરવામાં આવશે.



ઉપરાંત પોલીસ હેડક્વાર્ટર્સ સ્થિત રમતગમત સંકુલમાં ઈન્ડોર બેડમિન્ટન કોર્ટ, પીકલ બૉલ કોર્ટ, ટેનિસ કોર્ટ, બોક્સ ક્રિકેટ કોર્ટ, ક્રિકેટ પિચ અને વોલીબોલ કોર્ટ જેવી આધુનિક સુવિધાઓ વિકસાવવામાં આવશે. સાથે જ જેશિંગપરા અને સલાટ વિસ્તારને જોડતા માર્ગ પર રૂ. ૨૪.૫૮ લાખના ખર્ચે કલ્વર્ટ નિર્માણ કાર્યનું પણ ખાતમુહૂર્ત કરવામાં આવશે.

# અમરેલી શહેરમાં ગૃહકલહ બાદ મહિલાનું ઝેરી પદાર્થ પીવાથી મોત

**દિકરો તોફાન કરતો હોવાથી સાસુએ ઠપકો આપતા લાગી આવ્યું**

અમરેલી,તા.૦૮

અમરેલીના જેસીંગપરા વિસ્તારમાં રહેતી હેતલબેન જીગ્નેશભાઈ પાથર (ઉ.વ.૩૫)નું ઝેરી પદાર્થ પી જવાથી મોત થયાનું સામે આવ્યું છે. મળતી માહિતી મુજબ દિકરો તોફાન કરતો હોવાથી મરણજનાર મહિલાની સાસુએ તેને ઠપકો આપ્યો હતો. આ બાબતે સાસુ અને હેતલબેન વચ્ચે બોલાચાલી તથા ઝઘડો થયો હતો. ઘટનાથી વ્યથિત થઈ હેતલબેને ઘરમાં રહેલો અનાજમાં નાખવાનો ઝેરી પાવડર પી લીધો હતો. સારવાર મળે તે પહેલાં તેમનું મોત નિપજ્યું હતું. બનાવ અંગે અમરેલી સિટી પોલીસ દ્વારા જરૂરી કાર્યવાહી હાથ ધરી વધુ તપાસ કરવામાં આવી રહી છે.

# ખાંભાના મોટા બારમણ ગામે પ્રેમલગ્નનો ખાર રાખી દંપતી પર જીવલેણ હુમલો

**લોખંડના પાઇપથી માર મારી જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની ફરિયાદ નોંધાઈ**

અમરેલી,તા.૦૮

ખાંભા તાલુકાના મોટા બારમણ ગામમાં પ્રેમલગ્નના મનદુઃખને કારણે યુવક અને તેની પત્ની પર હુમલો કરવામાં આવ્યો હોવાની ફરિયાદ નોંધાઈ છે. પ્રાપ્ત માહિતી મુજબ મોટા બારમણ ગામના બાવકુભાઈ ભાણાભાઈ બોરીચા (ઉં.વ.૩૨), જે ડ્રાઈવિંગનો વ્યવસાય કરે છે, તેમણે ફરિયાદ નોંધાવી છે કે તેમણે જ્ઞાતિ બહાર પ્રેમલગ્ન કર્યા હોવાથી કેટલાક લોકો તેમની સામે મનદુઃખ રાખતા હતા અને અવારનવાર હેરાનગતિ કરતા હતા. ફરિયાદ અનુસાર, ભરતભાઈ ભાણાભાઈ બોરીચા અને મંગળુભાઈ આપાભાઈ ચાંદુ તેમના ઘર પાસે હાથમાં લોખંડના પાઈપ લઈને આવ્યા હતા. બંનેએ ફરિયાદી તથા તેમની પત્નીને ગાળો આપી ઝઘડો શરૂ કર્યો હતો. દરમિયાન ભરતભાઈએ લોખંડના પાઈપથી ફરિયાદીના જમણા પડખાના ભાગે માર માર્યો હતો. જ્યારે મંગળુભાઈએ ફરિયાદીના વાળ પકડી તેમનું માથું દરવાજા સાથે અથડાવી ઈજાઓ પહોંચાડી હતી. હુમલા બાદ બંનેએ જાનથી મારી નાખવાની ધમકી આપી સ્થળ પરથી નાસી ગયા હતા. બનાવ અંગે પોલીસ દ્વારા ફરિયાદ નોંધી વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

# સા.કુંડલા નજીક ટ્રક ચાલકે બાઈક ચાલકને હડફેટે લેતા ગંભીર ઈજા

**અકસ્માત સર્જી ટ્રકચાલક નાસી જતા પોલીસે શોધખોળ શરૂ કરી**

અમરેલી,તા.૦૮

સાવરકુંડલા મહુવા બાયપાસ રોડ પર આવેલ ચોકડી પાસે એક ગંભીર માર્ગ અકસ્માતની ઘટના સામે આવી છે. સાવરકુંડલાની આસોપાલવ સોસાયટી, હાથસણી રોડ ખાતે રહેતા અને વકીલાતનો વ્યવસાય કરતા ૪૮ વર્ષીય જીતેન્દ્રભાઈ કેશવભાઈ રાઠોડ પોતાના મોટરસાયકલ પર પસાર થઈ રહ્યા હતા ત્યારે આ અકસ્માત સર્જાયો હતો. એક પીળા રંગના ટ્રકના ચાલકે પોતાના હવાલાનું વાહન અત્યંત બેદરકારી અને ગફલતભરી રીતે ચલાવીને જીતેન્દ્રભાઈના મોટરસાયકલને પાછળથી જોરદાર ટક્કર મારી હતી. આ ચાલકે મોટરસાયકલને ઓવરટેક કરવાનો પ્રયાસ કરીને ફરિયાદીના બંને પગ પર ટ્રકના ટાયર ચડાવી દીધા હતા. આ ભયાનક અકસ્માતના કારણે ફરિયાદી જીતેન્દ્રભાઈને બંને પગના નળાના તેમજ પોચાના ભાગે, જમણા હાથના ખભા, બાવડા અને કોણીના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી છે. અકસ્માતને લીધે તેમના હાથ અને બંને પગમાં ફ્રેક્ચર સહિત શરીરે નાની-મોટી અન્ય ઈજાઓ થઈ છે. અકસ્માત સર્જ્યા બાદ પીળા રંગના ટ્રકનો ચાલક પોતાનું વાહન લઈને ઘટનાસ્થળેથી નાસી છૂટ્યો હતો. આ મામલે સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશનના અનાર્મ હેડ કોન્સ્ટેબલ એન. એન. ખસતીયા દ્વારા કાયદેસરની તપાસ હાથ ધરવામાં આવી છે.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૨, તિથિઃ નોમ
તા.૦૯-૦૬-૨૦૨૬, મંગળવાર, સૂર્યોદય-૦૫:૨૨,
સૂર્યાસ્ત-૦૭:૧૭, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્રઃ પૂર્વભાદ્રપદ

## દૈનિક રાશિફળ

તા.૦૯-૦૬-૨૦૨૬ મંગળવાર

મેષઃ આજનો દિવસ સામાન્ય કરતા સારો રહેશે. ધનલાભની ઘણી તકો આવશે, પરંતુ આજે તમારું મન બીજે ભટકશે.

વૃષભઃ આજનો દિવસ ઉદાસ રહેશે. સ્વાસ્થ્યમાં આજે શારીરિક અને માનસિક નબળાઇ રહેશે. આજે સારો વ્યવહાર કરજો નહીં તો સંબંધો બગડી શકે છે.

મિથુનઃ આજે તમારા પર ઘણી બધી જવાબદારીઓ નિભાવવાનો દિવસ છે. ઘરના બધા જૂના અટકેલા કામોને પૂર્ણ કરવાની તક મળશે.

કર્કઃ કાર્યક્ષેત્રમાં ચોરી અથવા અન્ય કોઈ કારણસર નુકસાન થઈ શકે છે. ક્યાંકથી મળેલી રકમમાં વિક્ષેપ હોવાને કારણે આગળના કામ પર અસર થઈ શકે છે.

સિંહઃ આજનો દિવસ તમને ખૂબ વ્યસ્ત રાખશે. દિવસના પહેલા ભાગમાં કેટલાક તાત્કાલિક ફોન કોલ્સ અને ઇમેઇલ્સનો જવાબ આપવો જરૂરી રહેશે.

કન્યાઃ આજે તમે તમારી બુદ્ધિનો ઉપયોગ કરીને નફો મેળવશો, દિવસની શરૂઆતથી બપોર સુધી તમે તમારા કામમાં બેદરકાર રહેશો

તુલાઃ આજે તમે ભૂતકાળમાં થયેલી ભૂલોથી શીખી શકશો. સખત મહેનત કર્યા પછી પણ તમને ઇચ્છિત સફળતા નહીં મળે, પરંતુ નિરાશ થશો નહીં.

વૃશ્ચિકઃ આજે અનિયંત્રિત ખોરાકના કારણે દિવસની શરૂઆતમાં તમારું સ્વાસ્થ્ય થોડું નરમ રહે છે. પેટમાં સમસ્યા પહોંચતા થાકને લીધે કોઈપણ કાર્ય માટે પૂરો ઉત્સાહ રહેશે નહીં.

ધનઃ આજે સવારથી કોઈપણ નવા કાર્યક્રમ સંદર્ભે ઉત્સાહ મળશે. ઓફિસમાં તમારું પ્રમોશન અથવા પગાર વધારવાની વાત છે, તમારા ઉત્સાહને નિયંત્રિત કરો.

મકરઃ સાથીઓ અને પરિવારના સભ્યો તમારા બેદરકારીભર્યા વર્તનને કારણે પરેશાન થઈ શકે છે. એકબીજા સાથે તકરાર પણ થઈ શકે છે.

કુંભઃ આજે તમારા માટે ઉતાર-ચઢાવનો દિવસ રહેશે. ઘરમાં કોઈ બાબતે દલીલ થઈ શકે છે, તેના વિશે માનસિક તણાવ હોઈ શકે છે.

મીનઃ આજનો દિવસ તમારા માટે ખુશીઓથી ભરપૂર રહેશે. કોઈની સાથેની વાદ-વિવાદ અથવા દલીલમાં તમે જીતી શકો છો.

# રાજુલામાં શિવજ્યોતિ એકલીંગજી ટ્રસ્ટ દ્વારા મેવાડા બ્રહ્મ સમાજના વિદ્યાર્થીઓને ચોપડા વિતરણ

રાજુલા,તા.૦૮

રાજુલામાં શિવજ્યોતિ એકલીંગજી ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા તારીખ ૦૩/૦૬/૨૦૨૬ના રોજ મેવાડા બ્રહ્મ સમાજના વિદ્યાર્થીઓ માટે ચોપડા વિતરણના એક વિશેષ કાર્યક્રમનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. આ સેવાકીય કાર્યક્રમમાં ટ્રસ્ટના મેનેજિંગ ડિરેક્ટર ભરતભાઈ વ્યાસ સહિત દેવાંગભાઈ ત્રિવેદી, વિભાકરભાઈ પંડ્યા, આકાશભાઈ ત્રિવેદી, પ્રણવભાઈ ત્રિવેદી, સંદીપભાઈ ઉપાધ્યાય, મનીષભાઈ ત્રિવેદી, યોગેશભાઈ દેસાઈ અને પ્રવિણભાઈ ત્રિવેદી જેવા અગ્રણીઓની પ્રેરણાદાયી ઉપસ્થિતિ જોવા



મળી હતી. આ મહાનુભાવોના હસ્તે રાજુલાના ઉત્સાહી વિદ્યાર્થીઓને કુલ ૬૫૦ ચોપડાનું વિનામૂલ્યે વિતરણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે પ્રદ્યુમનભાઈ વ્યાસ, સંજયભાઈ ત્રિવેદી, હરેશભાઈ વ્યાસ અને દર્શિતભાઈ ત્રિવેદી તેમજ સમાજના અન્ય આગેવાનોએ હાજર રહીને વિદ્યાર્થીઓને શિક્ષણ પ્રત્યે વધુ જાગૃત થવા માટે પ્રેરણા અને પ્રોત્સાહન પૂરું પાડ્યું હતું.

# અમરેલીમાં વાહન ભટકાવી રૂા.૩૦ હજારથી વધુનું નુકસાન કર્યાની ફરિયાદ

અમરેલી,તા.૦૮

રવિવારના રોજ રાત્રે ૦૯:૩૦ વાગ્યે એક માર્ગ અકસ્માતની ઘટના બની હતી. આ કામના ફરિયાદીની કિયા સોનેટ કાર, જેનો રજીસ્ટ્રેશન નંબર **GJ-03-PM-5951** છે, તેની સાથે આરોપી વાહન ચાલકે અકસ્માત સર્જ્યો હતો. ફરિયાદી ચાલક વિજયભાઈ બાબુભાઈ સિહોરા (ઉંમર વર્ષ ૩૪, ધંધોઃ ડ્રાઈવિંગ, રહેવાસીઃ ભરવાડા શેરી (સીતલા), કાલાવડવાળા સાથે પોતાના કબજા હેઠળનું વાહન, જેનો રજીસ્ટ્રેશન નંબર **GJ-14-Z-7809** છે, તેને પૂરઝડપે અને ગફલતભરી રીતે ચલાવી તેણે ફરિયાદીની ગાડીના આગળના ભાગે ભટકાવીને હેડલાઈટ, બંપર તથા પંખો તોડી નાખી આશરે ત્રીસેક હજાર રૂપિયાનું નુકસાન કર્યું હતું અને ત્યારબાદ પોતે વાહન સહિત ઘટનાસ્થળેથી નાસી છુટતા અમરેલી સીટી પોલીસે તપાસ શરૂ કરી છે.

# સાવરકુંડલામાં શેરીમાં નીકળવાની બાબતે મનદુઃખ રાખી મારામારી

**મોટરસાયકલના વાયરથી હુમલો કર્યાની પોલીસ ફરિયાદ**

અમરેલી,તા.૦૮

સાવરકુંડલાના હાથસણી રોડ સ્થિત ચંદ્રમૌલી સોસાયટીમાં શેરીમાં નીકળવાની બાબતે થયેલા મનદુઃખને લઈને મારામારીનો બનાવ સામે આવ્યો છે. પ્રાપ્ત માહિતી મુજબ દિલીપભાઈ ઉર્ફે ઘુઘો બાલકૃષ્ણભાઈ બોરીસાગર (ઉ.વ. ૪૦), રહે. ચંદ્રમૌલી સોસાયટી, સાવરકુંડલાએ પોલીસમાં ફરિયાદ નોંધાવી છે કે તેઓ પોતાના ઘરે હાજર હતા ત્યારે શેરીમાંથી પસાર થતા શશીકાંતભાઈ ગોવિંદભાઈ વાઘેલા અને દિવ્યાંગ ઉર્ફે રઘુ શશીકાંતભાઈ વાઘેલાને કામકાજ વગર શેરીમાં ન નીકળવા જણાવ્યું હતું. આ બાબતનું મનદુઃખ રાખી બંને આરોપીઓ ફરીયાદી પાસે આવી પહોંચ્યા હતા અને મોટરસાયકલના લીવર વાયર વડે શરીરના પાછળના ભાગે માર મારી ઈજા પહોંચાડી હતી. આ બનાવ અંગે પોલીસે ફરિયાદ નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# રાજુલા બસ સ્ટેશનમાં મહિલાના સોનાના ચેઈન, પેન્ડલની ઉઠાંતરી

**મહિલાએ અજાણ્યા ઈસમ સામે પોલીસ ફરિયાદ નોંધાવી**

રાજુલા,તા.૦૮

રાજુલા બસ સ્ટેશન પર એક ચોરીનો ગંભીર બનાવ સામે આવ્યો છે. તારીખ ૦૭/૦૬/૨૬ ના રોજ બપોરે ૦૨:૧૫ કલાકે રાજુલા તાલુકાના ડોળીનો પટ્ટ વિસ્તારમાં રહેતા ૩૯ વર્ષીય લાભુબેન કિશોરભાઈ શીયાળે આ અંગે પોલીસ ફરિયાદ નોંધાવી છે. તેઓ જ્યારે સવારના આશરે પોણા દસેક વાગ્યે રાજુલા બસ સ્ટેશન પર કોડીનાર-વડોદરા રૂટની બસમાં ચડી રહ્યા હતા, ત્યારે ભીડનો લાભ ઉઠાવીને કોઈ અજાણ્યા ચોર ઈસમે તેમની નજર ચૂકવી દીધી હતી. ચોરે ફરિયાદીના હાથમાં રહેલી કાપડની થેલીમાંથી રૂપિયા ૩,૦૦૦ ની કિંમતનું દિલ આકારનું સોનાનું પેંડલ, રૂપિયા ૧,૦૦,૮૦૦ની કિંમતનો ૧૪.૯૨૦ ગ્રામ વજનનો સોનાનો ચેઈન અને રૂપિયા ૧,૨૦૦ ની રોકડ રકમ ચોરી લીધી હતી. આમ, કુલ રૂપિયા ૧,૦૫,૦૦૦ના મુદ્દામાલની ચોરી થતાં રાજુલા પોલીસે અજાણ્યા તસ્કર વિરુધ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## તંત્રી લેખ

# શિક્ષણની દુનિયામાં એક નવો યુગ એ આઈ સ્કૂલ

વિશ્વ ઝડપથી કૃત્રિમ બુધ્ધિમત્તા (AI)ના યુગમાં પ્રવેશી રહ્યું છે અને તેની અસર શિક્ષણ ક્ષેત્રે પણ સ્પષ્ટપણે જોવા મળી રહી છે. અમેરિકાના સાન ફ્રાન્સીસકો ખાતે કાર્યરત આલ્ફા સ્કૂલ જેવી AI-સંચાલિત શાળાઓએ શિક્ષણની પરંપરાગત વ્યાખ્યાને પડકાર આપી છે. આ શાળામાં વિદ્યાર્થીઓ માત્ર બે કલાક AI આધારિત વ્યક્તિગત શિક્ષણ મેળવે છે અને બાકીના સમયમાં જીવન કૌશલ્યો, ટીમવર્ક, સર્જનાત્મકતા તથા વ્યવહારુ પ્રવૃત્તિઓ પર ધ્યાન કેન્દ્રિત કરે છે. આ મોડેલ શિક્ષણના ભવિષ્ય અંગે નવી ચર્ચાઓને જન્મ આપે છે.ભારતમાં પણ AI આધારિત શિક્ષણની સંભાવનાઓ વધી રહી છે. કેન્દ્ર સરકારે AIના વિકાસ અને વ્યાપક ઉપયોગ માટે અનેક પહેલો શરૂ કરી છે. AI વિદ્યાર્થીઓને તેમની વ્યક્તિગત ક્ષમતા, ગતિ અને રસ અનુસાર શીખવાની તક આપે છે. પરંપરાગત વર્ગખંડમાં સામાન્ય રીતે તમામ વિદ્યાર્થીઓને એકસરખી પધ્ધતિથી શિક્ષણ આપવામાં આવે છે, જ્યારે AI દરેક વિદ્યાર્થીની જરૂરિયાતને ધ્યાનમાં રાખીને પાઠ્યક્રમ અને અભ્યાસની પધ્ધતિને અનુકૂળ બનાવી શકે છે. પરિણામે, શીખવાની પ્રક્રિયા વધુ અસરકારક અને રસપ્રદ બની શકે છે.AIનો એક મહત્વપૂર્ણ લાભ ત્વરિત પ્રતિસાદ છે. વિદ્યાર્થીઓ કોઈ પ્રશ્નનો જવાબ આપે કે કોઈ અભ્યાસક્રમ પૂર્ણ કરે, ત્યારે AI તરત જ તેમની ભૂલો દર્શાવી શકે છે અને સુધારાના માર્ગ સૂચવી શકે છે. ઉપરાંત, હોમવર્ક ચકાસણી, હાજરી વ્યવસ્થા, સમયપત્રક નિર્માણ અને શૈક્ષણિક વિશ્લેષણ જેવા વહીવટી કાર્યોમાં AI શિક્ષકોનો સમય બચાવી શકે છે. આથી શિક્ષકો વધુ સમય વિદ્યાર્થીઓના માર્ગદર્શન અને વ્યક્તિત્વ વિકાસ માટે ફાળવી શકે છે.જોકે, ભારતમાં AI આધારિત શિક્ષણના અમલીકરણ સામે અનેક પડકારો છે. દેશની ઘણી શાળાઓમાં હજુ પણ ગુણવત્તાસભર ઈન્ટરનેટ, કમ્પ્યુટર અને ટેકનોલોજીકલ સુવિધાઓનો અભાવ છે. ખાસ કરીને ગ્રામ્ય અને સરકારી શાળાઓમાં ડિજિટલ માળખું પૂરતું વિકસિત નથી. આ ઉપરાંત, ઘણા શિક્ષકોને AI અને ડિજિટલ શિક્ષણ માટે જરૂરી તાલીમ પ્રાપ્ત થઈ નથી. ટેકનોલોજીના અસરકારક ઉપયોગ માટે શિક્ષકોને સતત તાલીમ અને માર્ગદર્શન આપવાની જરૂર છે.શૈક્ષણિક સંસ્થાઓના સંચાલનમાં પણ એક વિચારધારાત્મક અંતર જોવા મળે છે. કેટલીકવાર પરંપરાગત અભિગમ ધરાવતા સંચાલકો નવી ટેકનોલોજી સ્વીકારવામાં ધીમી ગતિ દાખવે છે, જ્યારે યુવા શિક્ષણપ્રેમીઓ AI અને ડિજિટલ નવીનતાઓને આવકારવા ઉત્સુક હોય છે. ઉપરાંત, ખાનગી ટ્યુશન અને કોચિંગ ઉદ્યોગના આર્થિક હિતો પણ શિક્ષણમાં મોટા ફેરફારોને મર્યાદિત કરી શકે છે.તેમ છતાં, એ સમજવું જરૂરી છે કે AI શિક્ષકોનો વિકલ્પ બની શકતું નથી. શિક્ષક અને વિદ્યાર્થી વચ્ચેનો જીવંત સંવાદ, મૂલ્ય શિક્ષણ, સંસ્કાર ઘડતર, સહાનુભૂતિ, નૈતિકતા અને માનવીય સંબંધો કોઈ પણ ટેકનોલોજી સંપૂર્ણપણે પ્રદાન કરી શકતી નથી. ભારતીય શિક્ષણ પરંપરામાં માનવીય મૂલ્યો અને વ્યક્તિત્વ નિર્માણને વિશેષ સ્થાન આપવામાં આવ્યું છે. આ ક્ષેત્રોમાં માનવીય માર્ગદર્શન હંમેશાં અનિવાર્ય રહેશે.નિષ્કર્ષરૂપે, ભારત માટે શ્રેષ્ઠ માર્ગ સંપૂર્ણ AI આધારિત અથવા સંપૂર્ણ પરંપરાગત શિક્ષણ નહીં, પરંતુ બંનેનું સંતુલિત સંયોજન એટલે કે ''હાઈબ્રિડ શિક્ષણ મોડેલ'' છે. AIને શિક્ષકોના વિકલ્પ તરીકે નહીં, પરંતુ તેમના સશક્તિકરણના સાધન તરીકે જોવું જોઈએ. ટેકનોલોજીની કાર્યક્ષમતા અને માનવીય મૂલ્યોના સમન્વય દ્વારા જ ભવિષ્યનું શિક્ષણ વધુ ગુણવત્તાસભર, સર્વસમાવેશક અને સંસ્કારસભર બની શકે છે. AI શિક્ષણને નવી દિશા આપી શકે છે.

# તમામ વિપક્ષો એક મંચ પર આવી સરકારને ભીંસમાં લેવા શક્તિ પ્રદર્શન કરશે

દેશના રાજકારણમાં મજબૂત લોકસમર્થન અને સ્પષ્ટ બહુમતી ધરાવતી કેન્દ્ર સરકાર સામે અસરકારક રીતે લડવા માટે વિપક્ષી પક્ષો લાંબા સમયથી એકતા સ્થાપવાનો પ્રયાસ કરી રહ્યા છે. ભારતીય જનતા પાર્ટી (ભાજપ) અને તેના નેતૃત્વવાળી કેન્દ્ર સરકાર દેશના રાજકારણમાં પ્રભુત્વ ધરાવે છે. આવી સ્થિતિમાં વિપક્ષી પક્ષો માટે એક સંયુક્ત મંચ ઊભો કરવો સમયની માંગ બની ગયો છે. આ હેતુસર રચાયેલ ગઠબંધનની દિલ્હીમાં યોજાયેલી બેઠક પર સમગ્ર દેશની નજર મંડાઈ છે.

આ બેઠકમાં મુખ્ય પ્રશ્નએ છે કે શું આ ગઠબંધન ખરેખર પોતાના મતભેદો ભૂલીને એકતા તરફ આગળ વધી રહ્યું છે કે પછી આંતરિક તણાવો ફરી એકવાર તેની નબળાઈઓને ઉજાગર કરશે? કારણ કે માત્ર કેન્દ્ર સરકારનો વિરોધ કરવો પૂરતો નથી, પરંતુ તેના માટે વૈચારિક, રાજકીય અને સંગઠનાત્મક સ્તરે મજબૂત એકતા પણ જરૂરી છે.

કોંગ્રેસના મહાસચિવ જયરામ રમેશના જણાવ્યા અનુસાર દિલ્હીના કોન્સ્ટિટ્યુશન ક્લબ ખાતે યોજાયેલી આ બેઠકમાં ૨૩ વિપક્ષી પક્ષો ભાગ લઈ રહ્યા છે. બેઠકમાં કોંગ્રેસના નેતા રાહુલ ગાંધી, પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જી, સમાજવાદી પાર્ટીના અખિલેશ યાદવ, રાષ્ટ્રીય જનતા દળના તેજસ્વી યાદવ તથા શિવસેના (ઉદ્ધવ જૂથ)ના નેતા ઉદ્ધવ ઠાકરે સહિતના અગ્રણીઓ હાજર રહેવાની અપેક્ષા છે. જોકે આમ આદમી પાર્ટી અને ડીએમકે આ બેઠકથી દૂર રહ્યા છે, જે ગઠબંધનની એકતા અંગે પ્રશ્નો ઉભા કરે છે.

વિપક્ષી એકતાના આ પ્રયાસ વચ્ચે અનેક પક્ષોમાં અસંતોષ પણ જોવા મળી રહ્યો છે. ઝારખંડ મુક્તિ મોરચા (જેએમએમ) કોંગ્રેસથી નારાજ હોવાનું માનવામાં આવે છે, કારણ કે કોંગ્રેસે રાજ્યસભાની બેઠકો માટે તેમની સાથે ચર્ચા કર્યા વગર ઉમેદવારો જાહેર કર્યા હતા. બીજી તરફ, કેરળમાં ડાબેરી પક્ષો કોંગ્રેસ પ્રત્યે અસંતોષ વ્યક્ત કરી રહ્યા છે. તાજેતરની ચૂંટણી દરમિયાન કોંગ્રેસના કેટલાક નેતાઓએ ડાબેરી પક્ષોને ભાજપની 'બી-ટીમ' ગણાવ્યા હતા, જેના કારણે બંને વચ્ચેના સંબંધોમાં કડવાશ આવી છે.

ગઠબંધનની શરૂઆતથી જ પડકારો તેની સાથે જોડાયેલા રહ્યા છે. બેંગલુરુમાં યોજાયેલી બેઠક દરમિયાન આ ગઠબંધનને **I.N.D.I.A.** નામ આપવામાં આવ્યું હતું. પરંતુ ત્યારથી અત્યાર સુધીમાં ત્રણ મહત્વપૂર્ણ પક્ષો ગઠબંધનથી અલગ થઈ ચૂક્યા છે. સૌથી મોટો આંચકો ત્યારે લાગ્યો જ્યારે બિહારના મુખ્યમંત્રી નીતિશ કુમારે, જેમણે પટનામાં પ્રથમ બેઠકનું આયોજન કર્યું હતું, તેમણે ગઠબંધન છોડી ફરીથી એનડીએ સાથે જોડાવાનો નિર્ણય લીધો.

વર્ષ ૨૦૨૩માં રચાયેલા આ ગઠબંધને ૨૦૨૪ની લોકસભા ચૂંટણીમાં નોંધપાત્ર પ્રદર્શન કર્યું




હતું. કુલ ૫૪૩ બેઠકોમાંથી ગઠબંધને ૨૩૪ બેઠકો જીતવામાં સફળતા મેળવી હતી. કોંગ્રેસે ૯૯, સમાજવાદી પાર્ટીએ ૩૭ અને તૃણમૂલ કોંગ્રેસે ૨૯ બેઠકો મેળવી હતી. તેમ છતાં બહુમતી માટે જરૂરી ૨૭૨ બેઠકોના આંકડા સુધી પહોંચવું તેમના માટે શક્ય બન્યું નહોતું. પરિણામે તેઓ સરકાર રચી શક્યા નહોતા.

**પ્રાસંગિક**
**સુરેશ દેસાઈ**

લોકસભા ચૂંટણી ઉપરાંત વિવિધ રાજ્યોમાં યોજાયેલી વિધાનસભા ચૂંટણીમાં પણ ગઠબંધનનું પ્રદર્શન મિશ્ર રહ્યું હતું. જ્યાં ગઠબંધનના પક્ષોએ સાથે મળીને ચૂંટણી લડી હતી તે રાજ્યોમાં માત્ર ઝારખંડ અને જમ્મુ-કાશ્મીરમાં જ સરકાર બનાવવામાં સફળતા મળી હતી. જ્યારે મહારાષ્ટ્ર, બિહાર, તમિલનાડુ અને પુડુચેરીમાં તેમને નિરાશાજનક પરિણામોનો સામનો કરવો પડ્યો હતો. બીજી તરફ, જ્યાં પક્ષોએ અલગ-અલગ ચૂંટણી લડી હતી ત્યાં કેરળ સિવાય ખાસ સફળતા મળી નહોતી.

આજની બેઠકમાં અનેક મહત્વપૂર્ણ મુદ્દાઓ ચર્ચાના કેન્દ્રમાં રહી શકે છે. પશ્ચિમ બંગાળમાં તૃણમૂલ કોંગ્રેસ પોતાના કાર્યકરો અને નેતાઓ પર થયેલા કથિત હુમલાઓનો મુદ્દો ઉઠાવી શકે છે. ઉત્તર પ્રદેશમાં આગામી વર્ષે યોજાનારી વિધાનસભા ચૂંટણીને ધ્યાનમાં રાખીને કોંગ્રેસ અને સમાજવાદી પાર્ટી વચ્ચેનું ગઠબંધન કેવી રીતે જાળવવું તે અંગે ચર્ચા થઈ શકે છે.

બિહારમાં આરજેડીના કેટલાક નેતાઓ સામે ઈડી અને સીબીઆઈની કાર્યવાહી ચાલી રહી છે. સાથે જ લાલુ પ્રસાદ યાદવના પરિવારની સુરક્ષા ઘટાડવાના મુદ્દાને પણ રાજકીય રીતે મહત્વ આપવામાં આવી રહ્યું છે. તેથી આ વિષય પણ બેઠકમાં ચર્ચાનો ભાગ બની શકે છે. કેરળમાં ડાબેરી પક્ષો અને કોંગ્રેસ રાજ્ય સ્તરે વિરોધી છે, પરંતુ કેન્દ્ર સ્તરે એક જ ગઠબંધનનો ભાગ છે. આ વિરોધાભાસ ગઠબંધનની વિશ્વસનીયતા સામે એક મોટો પ્રશ્ન ઉભો કરે છે.

દેશના વિવિધ રાજ્યોમાં રાજકીય પરિસ્થિતિઓ અલગ છે. અનેક સ્થળોએ ગઠબંધનના પક્ષો એકબીજાના સીધા રાજકીય પ્રતિસ્પર્ધી છે. પશ્ચિમ બંગાળમાં કોંગ્રેસ અને ડાબેરી પક્ષો તૃણમૂલ કોંગ્રેસ સામે લડે છે, જ્યારે કેરળમાં કોંગ્રેસ અને ડાબેરી પક્ષો એકબીજાના મુખ્ય વિરોધી છે. આવી સ્થિતિમાં રાષ્ટ્રીય સ્તરે એકતા જાળવવી સરળ નથી.


તેમ છતાં, આગામી રાજ્ય વિધાનસભા ચૂંટણીઓ અને ૨૦૨૯ની લોકસભા ચૂંટણીને ધ્યાનમાં રાખીને ભાજપ સામે મજબૂત વિકલ્પ ઊભો કરવાની જરૂરિયાત તમામ પક્ષો અનુભવી રહ્યા છે. આ કારણસર બેઠકમાં ગઠબંધનની વ્યૂહરચના, સંકલન વ્યવસ્થા અને ભવિષ્યના નેતૃત્વ અંગે ચર્ચા થવાની સંભાવના છે. ગઠબંધન માટે સંયોજકની નિમણૂક અંગે પણ ચર્ચા થઈ શકે છે, કારણ કે હજુ સુધી કોઈ સર્વસ્વીકાર્ય નામ સામે આવ્યું નથી.

હાલમાં લોકસભામાં **I.N.D.I.A.** બ્લોકના ૨૦૯ સાંસદો છે, જ્યારે રાજ્યસભામાં વિપક્ષના કુલ ૭૮ સભ્યોમાંથી ૬૭ સભ્યો આ ગઠબંધન સાથે જોડાયેલા છે. આ સંખ્યાબળ તેમને સંસદમાં મહત્વપૂર્ણ અવાજ આપે છે, પરંતુ કેન્દ્ર સરકાર સામે અસરકારક પડકાર ઉભો કરવા માટે માત્ર સંખ્યાબળ પૂરતું નથી. તેના માટે સ્પષ્ટ દિશા, પરસ્પર વિશ્વાસ અને મજબૂત સંકલન જરૂરી છે.

આથી કહી શકાય કે દિલ્હીની આ બેઠક માત્ર એક રાજકીય કાર્યક્રમ નથી, પરંતુ વિપક્ષી રાજકારણના ભવિષ્ય માટે અગત્યની કસોટી સમાન છે. જો ગઠબંધનના તમામ પક્ષો પોતાના પ્રાદેશિક હિતો અને સ્થાનિક મતભેદોને બાજુ પર રાખીને રાષ્ટ્રીય હિતમાં એક થઈ શકે, તો તેઓ કેન્દ્ર સરકાર સામે મજબૂત અને વિશ્વસનીય વિકલ્પ તરીકે ઉભરી શકે છે.

પરંતુ વાસ્તવિકતા એ પણ છે કે ગઠબંધનની અંદરના મતભેદો સતત સપાટી પર આવી રહ્યા છે. અલગ-અલગ રાજ્યોમાં પરસ્પર સ્પર્ધા, નેતૃત્વનો પ્રશ્ન, બેઠકોની વહેંચણી અને વૈચારિક મતભેદો હજુ પણ યથાવત્ છે. તેથી સંપૂર્ણ એકતા સ્થાપિત કરવી સરળ નથી. પરિણામે, **I.N.D.I.A.** ગઠબંધનની એકતા હાલ એક રાજકીય આવશ્યકતા તો છે, પરંતુ તે કેટલા અંશે વ્યવહારિક સ્વરૂપ ધારણ કરશે તે આવનારા સમયમાં જ સ્પષ્ટ થશે.

## શબ્દ સંજોગ-૨૨૧૧



**આડી ચાવી :**
(૧) માથા અને આંખનો એક રોગ (૩)
(૩) એક ટંક અલૂણુ જમવાનું વ્રત (૩)
(૫) બૂ, ગંધ (૧)
(૬) સૂતરની આંટી (૨)
(૭) કોલસા બાળવાનું એક સાધન (૩)
(૯) વરને પીઠી ચોળવી તે (૪)
(૧૦) આવડતુ હોય તો.... જવાબ આપો (૩)
(૧૨) કેડ, શરીરનો મધ્યભાગ (૨)
(૧૩) કૂતરો....પ્રાણી છે (૪)
(૧૪) તાડી, શેરડી, દ્રાક્ષ વગેરેનો ખટાશ ચડેલો રસ (૩)
(૧૬) તાબે, શરણે (૨)
(૧૭) લખેલુ ભૂંસવા વપરાય (૩)
(૧૯) ગરમી, સહેજસાજ તાવ (૩)
(૨૧) સિંહ દર્શન માટે અહી જાવ : સાસણ....(અ) (૨)
(૨૨) શહેરનો ભાગ, મહોલ્લો (૨)
(૨૪) રેલમાં તણાઈ આવેલો ઘાસ વગેરેનો કચરો (૨)
(૨૬) ....વિના સિધ્ધી નથી (૩)
(૨૮) અંગરખાનો એક ભાગ (૨)
(૨૯) રસ્તો (૨)
(૩૦) શેતરંજનુ એક મહોરુ (૩)

**ઉભી ચાવી :**
(૧) કાનનું એક ઘરેણુ (૨)
(૨) એક પીળી માટી (૪)
(૩) ઘરના મુખ્ય દ્વાર સામેની ખુલ્લી જગા (૩)
(૪) જંજીર, કેદીને બાંધવાની સાંધળ (૩)
(૭) અજય દેવગણ, સોનાક્ષી સિન્હાની ફિલ્મ : સન ઓફ...... (૪)
(૮) સંભાળ, તજવીજ (૪)
(૧૦) ફરક, ઓછાવત્તાવણુ (૪)
(૧૧) રસ્તો, તૃપ્ત (૨)
(૧૨) વર્તમાનપત્રનું કોલમ (૩)
(૧૪) રોજાના દિવસોમાં મળસકે વહેલો કરાતો નાસ્તો (૩)
(૧૫) સવાર વિનાનો શણગારેલો ઘોડો (૩)
(૧૮) જબરજસ્તી (૪)
(૨૦) બાતમી, ઠામઠેકાણુ (૨)
(૨૩) અડધી કાળી અને અડધી રેતાળ જમીન (૩)
(૨૪) જાંબુવતીનો પુત્ર (૨)
(૨૬) તદન, બિલકુલ (૨)
(૨૭) અત્યાર લગી (૨)

## શબ્દ સંજોગ-૨૨૧૦ જવાબ

**આડી ચાવીઃ** (૧) મોસર (૩) પારસ (૬) હથિયો (૭) દાખડો (૯) લક્ષણ (૧૧) રિપુ (૧૨) દયા (૧૩) અટલ (૧૫) અણવર (૧૭) તર્ક (૧૮) પાન (૧૯) વડ (૨૦) લહે (૨૨) સોય (૨૩) પારો (૨૪) વાર્તા (૨૫) દસ્તૂર (૨૭) મોલ (૨૮) પોળ (૨૯) કેરળ . **ઉભી ચાવીઃ** (૧) મોસલ (૨) રહાણ (૩) પાયોરિયા (૪) સદા (૫) પાડો (૮) ખર્વટ (૧૦) ક્ષપણ (૧૨) દર (૧૩) અર્ક (૧૪) લબાડ (૧૫) અતુલ (૧૬) વર્ગ (૧૭) તન (૧૮) પાયદળ (૧૯) વરો (૨૧) હેવાલ (૨૩) પારકે (૨૬) મૂળ.

# સૌરાષ્ટ્ર માર્કેટિંગયાર્ડ

| | | |
|---|---|---|
| **રાજકોટ** | | |
| કપાસ બી.ટી. | ૧૨૫૦ | ૧૭૬૬ |
| ઘઉં લોકવન | ૪૫૦ | ૪૯૩ |
| ઘઉં ટુકડા | ૪૫૭ | ૫૮૮ |
| જુવાર સફેદ | ૯૬૦ | ૧૧૧૧ |
| જુવાર લાલ | ૮૨૦ | ૧૦૮૦ |
| જુવાર પીળી | ૩૬૦ | ૬૧૦ |
| બાજરી | ૩૫૦ | ૫૭૫ |
| તુવેર | ૯૫૦ | ૧૫૩૨ |
| ચણા પીળા | ૧૧૧૦ | ૧૨૦૦ |
| ચણા સફેદ | ૧૧૧૫ | ૧૭૦૦ |
| અડદ | ૧૪૫૦ | ૧૬૩૫ |
| મગ | ૧૨૦૦ | ૧૭૮૪ |
| વાલ દેશી | ૪૦૦ | ૧૦૧૨ |
| ચોળી | ૯૬૦ | ૧૬૦૦ |
| વટાણા | ૬૦૦ | ૮૬૫ |
| કળથી | ૩૭૫ | ૪૭૫ |
| રાજમા | ૮૦૦ | ૧૮૮૨ |
| સીંગદાણા | ૧૪૭૫ | ૧૭૨૫ |
| મગફળી જાડી | ૧૨૬૦ | ૧૬૨૫ |
| મગફળી જીણી | ૧૪૨૫ | ૧૭૦૦ |
| અળશી | ૧૬૦૦ | ૧૮૭૫ |
| તલી | ૧૯૦૦ | ૨૪૪૦ |
| સુરજમુખી | ૧૦૦૮ | ૧૪૯૦ |
| એરંડા | ૧૨૦૫ | ૧૩૨૧ |
| અજમો | ૧૯૦૦ | ૨૩૩૦ |
| સુવા | ૧૦૦૦ | ૧૪૨૮ |
| સોયાબીન | ૯૦૦ | ૧૩૩૭ |
| સીંગફાડા | ૧૪૧૫ | ૧૭૦૦ |
| કાળા તલ | ૨૨૫૦ | ૩૬૬૭ |
| લસણ | ૧૧૯૦ | ૨૩૨૦ |
| ધાણા | ૨૧૦૦ | ૨૪૬૦ |
| ધાણી | ૨૨૫૦ | ૨૬૬૦ |
| વરીયાળી | ૧૧૦૦ | ૧૮૦૧ |
| જીરૂ | ૩૩૫૦ | ૩૭૬૦ |
| રાય | ૧૨૩૦ | ૧૭૦૦ |
| મેથી | ૧૦૪૦ | ૧૭૪૦ |
| કલોંજી | ૨૯૨૫ | ૩૪૨૫ |
| રાયડો | ૧૧૨૦ | ૧૩૯૦ |
| રજકાનું બી | ૬૦૦૦ | ૭૯૫૦ |
| ગુવારનું બી | ૧૦૫૦ | ૧૧૩૧ |
| **રાજકોટ (શાકભાજી)** | | |
| કેરી કાચી | ૩૭૯ | ૬૨૭ |
| લીંબુ | ૮૦૧ | ૧૬૨૭ |
| તરબુચ | ૧૧૧ | ૨૦૩ |
| પપૈયા | ૮૮ | ૧૭૪ |
| બટેટા | ૧૦૩ | ૨૮૮ |
| ડુંગળી સુકી | ૧૧૦ | ૩૮૫ |
| ટમેટા | ૩૦૫ | ૭૫૪ |
| સુરણ | ૮૧૬ | ૧૦૨૬ |
| કોથમરી | ૬૨૬ | ૮૫૪ |
| રીંગણા | ૧૬૪ | ૩૧૧ |
| કોબીજ | ૧૨૧ | ૨૨૬ |
| ફ્લાવર | ૩૨૨ | ૫૩૧ |
| ભીંડો | ૩૩૩ | ૬૨૩ |
| ગુવાર | ૩૩૮ | ૮૪૧ |
| ચોળાસીંગ | ૪૯૩ | ૭૯૭ |
| ટીંડોળા | ૩૫૬ | ૮૩૪ |
| દુધી | ૧૩૫ | ૨૧૪ |
| કારેલા | ૩૧૫ | ૪૫૭ |
| સરગવો | ૨૮૭ | ૬૫૮ |
| તુરીયા | ૩૮૧ | ૭૨૬ |
| પરવર | ૫૨૭ | ૭૦૮ |
| કાકડી | ૩૨૩ | ૬૩૪ |
| ગાજર | ૪૦૪ | ૬૩૧ |
| વટાણા | ૧૧૩૩ | ૧૫૫૮ |
| ગલકા | ૧૭૯ | ૩૩૬ |
| બીટ | ૨૦૧ | ૩૮૯ |
| મેથી | ૬૨૬ | ૮૪૩ |
| ડુંગળી લીલી | ૭૭૧ | ૯૯૦ |
| આદુ | ૧૬૨૭ | ૨૦૨૫ |
| મરચા લીલા | ૫૮૫ | ૯૧૧ |
| મકાઇ લીલી | ૨૧૯ | ૪૮૮ |
| ગુંદા | ૨૧૧ | ૪૨૬ |
| **ગોંડલ** | | |
| કપાસ | ૧૧૧૧ | ૧૭૨૧ |
| ઘઉં લોકવન | ૪૩૮ | ૫૨૨ |
| ઘઉં ટુકડા | ૪૫૨ | ૫૭૨ |
| સિંગદાણા જાડા | ૧૫૦૧ | ૧૯૨૧ |
| સિંગ ફાડીયા | ૧૪૫૦ | ૧૮૫૧ |
| એરંડા / એરંડી | ૧૦૫૧ | ૧૩૨૬ |
| જીરૂ | ૨૮૫૧ | ૪૦૦૧ |
| કલંજી | ૧૩૦૧ | ૩૪૨૧ |
| ધાણા | ૧૬૦૧ | ૨૬૬૧ |
| લસણ સુકું | ૬૭૧ | ૧૫૭૧ |
| ડુંગળી લાલ | ૧૦૧ | ૪૦૧ |
| અડદ | ૬૦૦ | ૧૬૫૧ |
| તુવેર | ૫૦૧ | ૧૫૧૧ |
| રાયડો | ૧૩૫૧ | ૧૩૫૧ |
| રાય | ૧૬૩૧ | ૧૬૩૧ |
| મેથી | ૮૦૦ | ૧૪૧૧ |
| ધાણી | ૧૭૦૧ | ૨૭૩૧ |
| ડુંગળી સફેદ | ૨૦૬ | ૨૦૬ |
| મગ | ૧૦૦૦ | ૧૯૧૧ |
| સોયાબીન | ૧૧૫૧ | ૧૫૮૧ |
| ગોગળી | ૧૦૦૦ | ૧૩૩૧ |
| **ગોંડલ (શાકભાજી)** | | |
| ટમેટા | ૨૦૦ | ૧૦૦૦ |
| મરચા | ૧૮૦ | ૧૪૦૦ |
| ગુવાર | ૨૦૦ | ૧૨૦૦ |
| કોબી | ૧૦૦ | ૪૦૦ |
| દુધી | ૬૦ | ૩૬૦ |
| ફ્લાવર | ૩૦ | ૪૦૦ |
| કાકડી | ૧૦૦ | ૯૦૦ |
| રીંગણા | ૨૦ | ૫૦૦ |
| ભીંડો | ૨૦૦ | ૮૦૦ |
| ગલકા | ૧૦૦ | ૫૦૦ |
| ગાજર | ૧૮૦ | ૬૦૦ |
| ટિંડોરા | ૧૮૦ | ૭૦૦ |
| વટાણા | ૧૧૮૦ | ૧૮૦૦ |
| શક્કરીયા | ૩૮૦ | ૫૦૦ |
| કેરી કાચી | ૨૦૦ | ૮૦૦ |
| બટેટા | ૨૦૦ | ૨૮૪ |
| ડુંગળી પુરા | ૭ | ૧૫ |
| તાંજરીયા પુરા | ૩ | ૧૦ |
| કોથમીર પુરા | ૨ | ૪ |
| ફોદીનો પુરા | ૨ | ૩ |
| alavipan | ૫ | ૧૦ |
| પરવર | ૧૦૦૦ | ૧૨૦૦ |
| ઘીસોડા | ૨૦૦ | ૮૦૦ |
| લીંબુ | ૧૮૦ | ૧૬૦૦ |
| મેથી પુરા | ૪ | ૧૦ |
| બીટ પુરા | ૫ | ૧૦ |
| સરગવો પુરા | ૮ | ૨૦ |
| ચોરા | ૨૦૦ | ૧૬૦૦ |
| કારેલા | ૨૦૦ | ૭૦૦ |
| કાચા પોપૈયા | ૨૦ | ૨૦૦ |
| આદુ | ૧૮૦ | ૨૨૦૦ |
| ફણશી | ૧૬૦૦ | ૨૩૦૦ |
| મકાઈ ડોડા | ૧૨૦ | ૪૦૦ |
| પાલક પુરા | ૧ | ૭ |
| **અમરેલી** | | |
| શિંગ મઠડી | ૧૧૩૦ | ૧૩૭૦ |
| શિંગ મોટી | ૧૧૦૦ | ૧૬૪૫ |
| શિંગદાણા | ૧૫૫૦ | ૨૧૭૦ |
| શિંગદાણા ફાડા | ૧૨૦૦ | ૧૭૯૫ |
| તલ સફેદ | ૧૪૦૦ | ૨૬૨૫ |
| તલ કાળા | ૨૨૦૦ | ૩૭૫૦ |
| તલ કાશમીરી | ૧૯૦૦ | ૨૩૪૦ |
| બાજરો | ૩૫૫ | ૪૮૦ |
| જુવાર | ૫૧૫ | ૧૦૭૫ |
| ઘઉં ટુકડા | ૪૦૫ | ૫૩૫ |
| ઘઉં લોકવન | ૪૪૦ | ૫૧૦ |
| મગ | ૧૪૮૫ | ૧૬૮૦ |
| અડદ | ૮૦૦ | ૧૪૫૦ |
| ચણા | ૯૬૫ | ૧૧૬૫ |
| સફેદ ચણા | ૧૦૦૫ | ૧૧૫૦ |
| છોલે ચણા | ૧૦૦૦ | ૧૧૫૫ |
| ચોળી | ૧૦૦૦ | ૧૫૧૦ |
| તુવેર | ૮૦૦ | ૧૪૪૫ |
| કપાસ | ૮૮૦ | ૧૮૩૫ |
| એરંડા | ૧૦૩૦ | ૧૨૯૦ |
| જીરૂ | ૨૧૫૦ | ૨૭૫૦ |
| રાયડો | ૧૩૨૦ | ૧૩૨૦ |
| રાય | ૧૧૯૫ | ૧૨૫૦ |
| ધાણા | ૨૪૪૫ | ૨૪૪૫ |
| ધાણી | ૧૯૮૦ | ૨૪૬૦ |
| અજમા | ૨૧૩૦ | ૨૪૦૦ |
| મેથી | ૧૧૦૦ | ૧૪૧૦ |
| સોયાબીન | ૧૨૭૫ | ૧૩૮૫ |
| **અમરેલી (શાકભાજી)** | | |
| બટેટા | ૧૫૦ | ૨૦૦ |
| રીંગણા | ૨૦૦ | ૩૦૦ |
| ફ્લાવર | ૧૦૦ | ૧૮૦ |
| કોબીજ | ૧૧૦ | ૧૫૦ |
| શકકરીયા | ૪૦૦ | ૫૦૦ |
| ટમેટાં | ૨૦૦ | ૩૬૦ |
| સુરણ | ૮૩૦ | ૯૨૦ |
| ગાજર | ૨૪૦ | ૩૪૦ |
| દુધી | ૧૦૦ | ૨૦૦ |
| કારેલા | ૭૦૦ | ૮૨૦ |
| ગલકા | ૩૦૦ | ૪૦૦ |
| મૂળા | ૨૧૦ | ૩૧૦ |
| કાકડી | ૨૨૦ | ૩૩૦ |
| ગુવાર | ૧૨૨૦ | ૧૬૦૦ |
| વાલોળ | ૩૦૦ | ૪૩૦ |
| વટાણા | ૬૦૦ | ૭૦૦ |
| ચોળા લીલા | ૮૦૦ | ૯૨૦ |
| તુરીયા | ૪૦૦ | ૫૦૦ |
| વાલ | ૭૦૦ | ૮૦૦ |
| તુવેર | ૬૦૦ | ૭૦૦ |
| ભીંડો | ૭૦૦ | ૮૦૦ |
| આદુ | ૧૧૦૦ | ૧૨૫૦ |
| કોથમીર | ૨૦૦ | ૩૦૦ |
| મેથીભાજી | ૩૦૦ | ૪૦૦ |
| ફોદીનો | ૫૫૦ | ૬૫૦ |
| ટીંડોરા | ૭૦૦ | ૮૨૦ |
| બીટ | ૨૦૦ | ૨૪૦ |
| સરગવો | ૪૫૦ | ૬૨૦ |
| લીમડો મીઠો | ૨૦૦ | ૨૨૦ |
| મરચાં લીલાં | ૫૦૦ | ૮૨૦ |
| મરચાં લાલ | ૧૦૦૦ | ૧૧૦૦ |
| ડુંગળી લીલી | ૨૦૦ | ૩૨૦ |
| ડુંગળી સુકી | ૧૪૦ | ૨૬૦ |
| લસણ લીલું | ૬૦૦ | ૭૦૦ |
| લસણ સુકુ | ૧૧૦૦ | ૧૫૩૦ |
| પાલક | ૩૦૦ | ૪૦૦ |
| લીંબુ | ૧૮૦૦ | ૨૦૦૦ |
| મકાઈ | ૨૬૦ | ૩૪૦ |
| **સાવરકુંડલા** | | |
| શીંગ જીણી | ૧૨૪૦ | ૧૫૫૧ |
| શીંગ મોટી | ૧૨૦૦ | ૧૪૦૫ |
| શીંગ દાણા | ૧૫૦૦ | ૧૯૦૦ |
| તલ સફેદ | ૨૦૦૦ | ૨૫૬૨ |
| તલ કાળા | ૩૦૦૦ | ૩૫૭૫ |
| જીરૂ | ૩૨૦૦ | ૩૭૧૧ |
| કપાસ | ૧૫૦૦ | ૧૭૫૦ |
| ઘઉં લોકવન | ૪૫૦ | ૪૯૦ |
| ઘઉં ટુકડા | ૪૫૫ | ૫૦૦ |
| બાજરો | ૪૦૦ | ૫૦૦ |
| જુવાર | ૮૦૦ | ૧૧૫૧ |
| મગ | ૧૫૫૦ | ૧૭૫૧ |
| અડદ | ૧૩૫૦ | ૧૫૩૫ |
| ચણા | ૧૦૫૦ | ૧૧૮૨ |
| દેશી ચણા | ૧૦૬૦ | ૧૧૪૦ |
| તુવેર | ૧૦૫૦ | ૧૩૫૦ |
| એરંડી | ૧૨૦૦ | ૧૨૮૦ |
| મેથી | ૧૨૨૦ | ૧૩૨૫ |
| ધાણા | ૨૦૦૦ | ૨૪૦૦ |
| સોયાબીન | ૧૨૦૦ | ૧૩૦૦ |
| **ધારી** | | |
| મગફળી | ૧૦૬૦ | ૧૧૪૦ |
| ઘઉં લોકવન | ૪૨૧ | ૪૫૫ |
| ચણા | ૧૦૭૦ | ૧૧૫૨ |
| તુવેર | ૧૨૫૫ | ૧૩૬૦ |
| ધાણા | ૨૩૫૦ | ૨૪૦૦ |
| મગ | ૧૨૦૧ | ૧૫૫૧ |
| તલ સફેદ | ૧૮૧૦ | ૨૪૫૦ |
| તલ કાળા | ૨૯૭૫ | ૨૯૭૫ |
| એરંડા | ૧૨૨૫ | ૧૨૪૬ |
| દાણા | ૨૨૦૦ | ૨૨૦૦ |
| **બગસરા** | | |
| મગફળી | ૧૨૦૦ | ૧૨૯૫ |
| ઘઉં લોકવન | ૩૨૦ | ૪૫૭ |
| મકાઈ | ૪૧૫ | ૪૧૫ |
| ઘઉં ટુકડા | ૪૩૨ | ૪૫૭ |
| તુવેર | ૯૦૦ | ૧૨૨૫ |
| ચણા | ૧૦૨૦ | ૧૧૬૦ |
| તલ કાળા | ૨૧૦૦ | ૩૦૪૫ |
| ધાણા | ૨૩૦૦ | ૨૩૨૦ |
| જુવાર | ૪૫૦ | ૪૫૦ |
| મગ | ૧૨૦૦ | ૧૨૯૫ |
| સોયાબીન | ૧૧૧૫ | ૧૩૨૬ |
| તલ સફેદ | ૧૫૦૦ | ૨૫૨૫ |
| શીંગદાણા | ૧૬૫૧ | ૧૬૫૧ |
| **બાબરા** | | |
| કપાસ | ૧૫૮૦ | ૧૮૧૪ |
| કપાસ મીડીયમ | ૧૪૮૦ | ૧૫૮૦ |
| મગફળી | ૧૨૩૦ | ૧૩૧૦ |
| તલ સફેદ | ૧૫૦૦ | ૨૪૫૦ |
| તલ કાળા | ૨૮૭૦ | ૩૫૫૦ |
| જીરૂ | ૨૯૨૦ | ૩૮૦૦ |
| ચણા | ૧૧૩૦ | ૧૧૬૦ |
| ઘઉં | ૪૬૫ | ૫૧૫ |
| મગ | ૧૩૩૦ | ૧૫૬૦ |
| એરંડા | ૧૦૮૦ | ૧૨૧૦ |
| તુવેર | ૧૦૮૫ | ૧૩૨૫ |
| **ભેંસાણ** | | |
| કપાસ | ૧૦૦૧ | ૧૭૫૧ |
| ઘઉં | ૩૫૧ | ૪૭૧ |
| મગ | ૯૦૧ | ૧૫૬૬ |
| ચણા | ૮૦૧ | ૧૧૦૧ |
| અડદ | ૧૧૦૦ | ૧૧૦૦ |
| તુવેર | ૭૦૧ | ૧૪૭૬ |
| મગફળી | ૭૫૧ | ૧૨૯૬ |
| શિંગદાણા | ૧૫૦૧ | ૧૯૯૬ |
| શિંગફાડા | ૧૩૦૧ | ૧૭૦૧ |
| તલ સફેદ | ૧૧૦૧ | ૨૩૯૬ |
| તલ કાળા | ૧૫૦૧ | ૩૩૬૧ |
| કલંજી | ૬૦૧ | ૨૬૨૧ |
| મેથી | ૧૦૪૧ | ૧૦૪૧ |
| ધાણા | ૧૦૦૧ | ૨૩૧૬ |
| સોયાબીન | ૮૦૧ | ૧૩૨૧ |
| **મહુવા** | | |
| શીંગ જી-૨૦ | ૧૧૯૦ | ૧૪૬૧ |
| શીંગ મી.નવી | ૧૩૦૦ | ૧૬૨૪ |
| શીંગ જી-૨૦ | ૧૧૯૦ | ૧૪૬૧ |
| જુવાર | ૪૦૧ | ૧૦૬૪ |
| બાજરી | ૩૫૧ | ૫૧૭ |
| ઘઉં ટુકડા | ૪૩૧ | ૫૬૭ |
| મકાઈ | ૨૩૨ | ૪૬૦ |
| તલ સફેદ | ૧૨૦૦ | ૨૫૨૬ |
| તલ કાળા | ૧૫૦૦ | ૩૫૪૫ |
| ડુંગળી લાલ | ૭૦ | ૪૯૧ |
| ડુંગળી સફેદ | ૧૦૦ | ૩૦૪ |
| કપાસ શંકર | ૮૦૦ | ૧૬૪૭ |
| નાળીયેર | ૫૬૦ | ૨૩૮૫ |
| શીંગ ઉં. મગડી | ૧૩૪૩ | ૧૬૧૪ |
| શીંગ ગીરનાર | ૧૨૦૦ | ૧૩૨૫ |
| **કોડીનાર** | | |
| મગફળી જી-૨૦ | ૧૦૦૦ | ૧૪૨૦ |
| બાજરી હાઈબ્રીડ | ૩૫૦ | ૪૯૦ |
| ઘઉં | ૪૩૦ | ૪૯૫ |
| જુવાર | ૯૦૦ | ૧૧૧૫ |
| સોયાબીન | ૧૨૦૦ | ૧૩૮૦ |
| કપશી | ૧૪૦૦ | ૨૪૦૦ |
| મગફળી નવી | ૧૧૦૦ | ૧૪૮૪ |
| મગ | ૧૪૪૦ | ૧૯૨૦ |
| **જામનગર** | | |
| બાજરો | ૩૫૫ | ૫૫૫ |
| ઘઉં | ૪૧૦ | ૪૬૫ |
| મગ | ૧૪૧૦ | ૧૬૬૫ |
| અડદ | ૧૪૮૦ | ૧૫૭૫ |
| તુવેર | ૬૦૦ | ૧૩૯૦ |
| ચણા | ૯૬૦ | ૧૧૬૯ |
| મગફળી જીણી | ૧૦૦૦ | ૧૫૮૦ |
| મગફળી જાડી | ૧૦૦૦ | ૧૪૮૫ |
| એરંડા | ૧૦૦૦ | ૧૨૭૦ |
| તલ | ૧૫૦૦ | ૨૪૧૫ |
| રાયડો | ૧૧૦૦ | ૧૩૯૫ |
| રાઈ | ૧૨૦૦ | ૧૬૫૦ |
| લસણ | ૮૦૦ | ૨૩૫૦ |
| કપાસ | ૮૦૦ | ૧૬૭૦ |
| જીરૂ | ૩૦૦૦ | ૩૭૫૫ |
| અજમો | ૨૧૦૫ | ૩૨૭૦ |
| અજમાની ભૂસી | ૫૦ | ૨૪૩૦ |
| ધાણા | ૧૦૦૦ | ૨૫૦૦ |
| ડુંગળી સુકી | ૧૧૫ | ૩૩૦ |
| વટાણા | ૪૨૫ | ૮૧૦ |
| કલોજી | ૨૪૩૦ | ૩૩૫૦ |
| **રાજુલા** | | |
| મગફળી | ૯૩૫ | ૧૨૫૦ |
| તલ | ૧૭૦૦ | ૨૩૦૧ |
| તલ કાળા | ૨૮૦૦ | ૩૧૫૫ |
| કપાસ | ૧૬૫૦ | ૧૭૮૧ |
| બાજરો | ૩૩૭ | ૪૮૧ |
| ઘઉં ટુકડા | ૩૦૦ | ૪૯૧ |
| જુવાર | ૩૫૦ | ૧૧૬૧ |
| મકાઈ | ૪૮૧ | ૪૮૧ |
| મગ | ૧૩૫૧ | ૧૬૨૫ |
| અડદ | ૮૦૮ | ૧૫૧૦ |
| તુવેર | ૧૦૯૧ | ૧૨૭૫ |
| ચણા | ૧૦૦૦ | ૧૧૦૭ |
| અજમા | ૧૬૬૦ | ૧૬૬૦ |
| ધાણા | ૧૯૦૧ | ૨૦૦૦ |
| સોયાબીન | ૧૧૦૦ | ૧૧૦૦ |

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

# ખોડલધામ દ્વારા બ્રોડવે શો 'અસરદાર પાટીદાર'નો પ્રિમિયર શો રાજકોટમાં યોજાયો



રાજકોટ,તા.૦૮

ખોડલધામ ટ્રસ્ટ-કાગવડના ચેરમેન નરેશભાઈ પટેલની પ્રેરણાથી તૈયાર થયેલા, પાટીદાર સંસ્કૃતિને ઉજાગર કરતા ગુજરાતી ભાષાના સૌપ્રથમ બ્રોડવે મેગા સ્ટેજ શો 'અસરદાર પાટીદાર'નો પ્રિમિયર શો રાજકોટ ખાતે યોજાયો હતો. આ શોમાં ૩૦૦૦થી વધુ આમંત્રિતો અને અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. ખોડલધામ શિક્ષણ પાંખની ટીમ દ્વારા દોઢ વર્ષના રિસર્ચ અને ૩૦૦૦થી વધુ માનવ કલાકોના પરિશ્રમથી આ શો તૈયાર કરાયો છે. જીતુ બાંધણિયાના ક્રિએટિવ ડિરેક્શન અને પરમેશ્વર સિરસીકરના માર્ગદર્શન હેઠળ ૫૦થી વધુ કલાકારોએ પાટીદાર સમાજના ઈતિહાસ અને સંસ્કાર વારસાને રજૂ કર્યો હતો. રશ્મિન શાહ લિખિત આ શોમાં રામજી પટેલ, પ્રમુખ સ્વામી મહારાજ અને શહીદ ગરબડદાસ મુખી સહિત ૧૫ વિરલ વ્યક્તિત્વોની ગાથા વણી લેવાઈ છે. અત્યાધુનિક LED ટેકનોલોજી અને 'કણબીયત' સેલ્ફી ઝોન આકર્ષણનું કેન્દ્ર બન્યા હતા. નરેશભાઈ પટેલ અને સંસદસભ્ય પરષોત્તમ રૂપાલાએ આ ભગીરથ પ્રયાસને સમયની અનિવાર્યતા ગણાવી બિરદાવ્યો હતો.

# માહી ડેરીના સ્થાપના દિને સ્વદેશી ટેકનોલોજી આધારિત કૃત્રિમ બીજદાનનો પ્રારંભ



કોડીનાર,તા.૦૮

માહી ડેરીના ૧૫માં સ્થાપના દિને કોડીનાર ખાતે યોજાયેલા એક વિશેષ કાર્યક્રમમાં એન.ડી.ડી.બી.ના ચેરમેન ડો. મીનેશ શાહે ગૌસોર્ટ ટેકનોલોજી આધારિત જેન્ડર સોર્ટેડ સીમેન દ્વારા કૃત્રિમ બીજદાન કાર્યનો શુભારંભ કરાવ્યો હતો.

આ નવીન અને સ્વદેશી ટેકનોલોજી પશુપાલકોની આવક બમણી કરવા તેમજ ડેરી ક્ષેત્રે ઉત્પાદકતા વધારવામાં આશીર્વાદરૂપ સાબિત થશે. સામાન્ય કૃત્રિમ બીજદાનમાં નર કે માદા પશુના જન્મની શક્યતા અડધી-અડધી હોય છે, જ્યારે રાષ્ટ્રીય ડેરી વિકાસ બોર્ડ અને ભારત સરકારના સહયોગથી વિકસાવાયેલી આ ટેકનોલોજીના ઉપયોગથી માદા વાછરડી કે પાડીના જન્મની સંભાવના ૯૦ ટકાથી વધુ થઈ જાય છે. તેનાથી ઉત્તમ નસ્લના પશુઓની સંખ્યા વધશે અને દૂધ ઉત્પાદન ખર્ચમાં નોંધપાત્ર ઘટાડો થશે.

કાર્યક્રમમાં ઉપસ્થિત મહાનુભાવો, જેમાં માહી ડેરીના ચેરમેન વિજયભાઈ ઓડેદરા અને ચીફ એક્ઝિક્યુટીવ આલોક કુમાર ગુપ્તા સામેલ હતા, તેમણે સૌરાષ્ટ્ર અને કચ્છના પશુપાલકોને આ આધુનિક પધ્ધતિ અપનાવીને આર્થિક સમૃધ્ધિ તરફ આગળ વધવા અનુરોધ કર્યો હતો.

# ધોરાજી નાગરિક બેન્કનો પર્યાવરણ લક્ષી અભિગમ



ધોરાજી,તા.૦૮

પર્યાવરણ પરત્વે જનજાગૃતિ વધે અને પ્રકૃતિ થકી સમગ્ર જીવસૃષ્ટિનું સંરક્ષણ થાય તેવા ઉમદા હેતુસર ધોરાજી નાગરિક બેન્ક દ્વારા એક પ્રશંસનીય પ્રકૃતિલક્ષી આયોજન કરવામાં આવ્યું હતું. બેન્કના ડિરેક્ટર અને સરકારી વકીલ કાર્તિકેય પારેખ તથા બેન્કના અન્ય ઉત્સાહી કર્મચારીઓએ સાથે મળીને બેન્ક પરિસરમાં ઉત્સાહભેર વૃક્ષારોપણ કર્યું હતું. આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ્ય લોકોને પર્યાવરણના જતન માટે પ્રેરિત કરવાનો અને હરિયાળી વધારવાનો હતો.

# ધામેલને હરિયાળું બનાવવાનો ગ્રામજનોનો દૃઢ સંકલ્પ



અમરેલી,તા.૦૮

પર્યાવરણની જાળવણી અને પ્રકૃતિના જતન માટે ધામેલ ગામને સંપૂર્ણ હરિયાળું બનાવવાના મક્કમ સંકલ્પ સાથે "ગ્રીન ધામેલ અભિયાન"નો રવિવારે પ્રારંભ કરવામાં આવ્યો હતો. ગામના પ્રબુધ્ધ નાગરિકો, પર્યાવરણ પ્રેમીઓ, દાતાઓ અને ઉચ્ચ અધિકારીઓની ઉપસ્થિતિમાં વૃક્ષારોપણ કરીને આ લોકઅભિયાનને ખુલ્લું મૂકવામાં આવ્યું હતું. આ અભિયાનની સૌથી મોટી સફળતા એ છે કે માત્ર એક જ અઠવાડિયાના ટૂંકા ગાળામાં ૩,૦૦૦ જેટલા વૃક્ષો ઉગાડવા અને તેના ઉછેર માટેના દાતાઓ ગામમાંથી જ મળી રહ્યા છે. હજી પણ દાનનો અવિરત પ્રવાહ ચાલુ છે, જેને જોતાં ટૂંક સમયમાં જ ૫૦૦૦ વૃક્ષારોપણનો લક્ષ્યાંક પૂર્ણ થશે તેવી આશા વ્યક્ત કરવામાં આવી છે. આ કાર્યક્રમમાં ગામના મુખ્ય દાતા અશોકભાઈ ડુંગરાણી તથા છગનભાઈ સિમેડિયા, સદભાવના વૃધ્ધાશ્રમથી વિશાલભાઈ માંગુકિયા ખાસ ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત અમરેલી જિલ્લા પંચાયતના પ્રમુખ, જિલ્લા ભાજપ પ્રમુખ અને મહામંત્રી, ડીવાય.એસ.પી, જિલ્લા પંચાયત સભ્ય રેશભાઈ ડોંડા, લાઠી તાલુકા પંચાયતના પ્રમુખ અને સભ્યો, પી.આઈ., દામનગરના આર.એફ.ઓ, ફોરેસ્ટ ટીમ, ગીર ગંગા ચેરિટેબલ ટ્રસ્ટના પ્રમુખ. સુરતથી વતનપ્રેમી વિનુભાઈ બલર, અતુલભાઈ ગોગદાણી વગેરે ઉપસ્થિત રહ્યા હતા. આ સમગ્ર અભિયાનમાં સુરતની જાણીતી 'ગ્રીન આર્મી ટીમ'ના મનસુખભાઈ કસોદરીયાનું ટેકનિકલ માર્ગદર્શન મળી રહ્યું છે. આ કાર્યક્રમમાં ગામના સંતો, શિક્ષકો, સરપંચ તેમજ દરેક પરિવારના આગેવાનો જોડાયા હતા.

# શેઢાયા ગામે વિશ્વ પર્યાવરણ દિવસની ભવ્ય ઉજવણી કરાઈ

શેઢાયા,તા.૦૮

શેઢાયા ગ્રામ પંચાયત કચેરી ખાતે ૫ જૂન વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તે વિશેષ ગ્રામસભાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે તલાટી કમ મંત્રીશ્રીએ ગ્રામજનોમાં પર્યાવરણ પ્રત્યે જાગૃતિ આવે તે માટે વિવિધ મુદ્દાઓ પર ઊંડાણપૂર્વક સંવાદ સાધ્યો હતો. તેમણે જણાવ્યું કે પર્યાવરણ વિના માનવ અસ્તિત્વ શક્ય નથી. વર્તમાન સમયમાં વધી રહેલું ગ્લોબલ વોર્મિંગ એ પર્યાવરણ પ્રત્યેની આપણી બેદરકારીનું પરિણામ છે. આજના આધુનિક યુગમાં પેટ્રોલ અને ડીઝલના અતિશય વપરાશને કારણે હવામાં ઓક્સિજનનું પ્રમાણ ઘટતાં માનવ સ્વાસ્થ્ય પર માઠી અસરો થઈ રહી છે. આ ગંભીર સમસ્યા નિવારવા માટે ગ્રામજનોએ પર્યાવરણ બચાવવાનો દ્રઢ નિર્ધાર કર્યો હતો અને પંચાયત કેમ્પસમાં ઉત્સાહભેર વૃક્ષારોપણ કરીને આ દિવસની સાર્થક ઉજવણી કરી હતી.

# ગોંડલ નજીક ભરૂડી ટોલ પ્લાઝા પરથી ૧,૧૫૪ પેટી વિદેશી દારૂ ઝડપાયો



રાજકોટ,તા.૦૮

રાજ્યના સ્ટેટ મોનિટરિંગ સેલ (એસએમસી) દ્વારા રાજકોટ-જૂનાગઢ હાઈવે પર ગોંડલ નજીક આવેલા ભરૂડી ટોલ પ્લાઝા પાસે મોટી કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. ચોક્કસ બાતમીના આધારે પીઆઈ આર. કે. કરમટા અને પીએસઆઈ વી. એન. જાડેજાની ટીમે વોચ ગોઠવી શંકાસ્પદ ટ્રકને રોકી તપાસ કરી હતી. તપાસ દરમિયાન ટ્રકમાંથી વિવિધ બ્રાન્ડની વિદેશી દારૂની ૧,૧૫૪ પેટીઓ મળી આવી હતી, જેમાં કુલ ૪૧,૫૮૦ બોટલોનો જથ્થો હતો. જપ્ત કરાયેલા દારૂની કિંમત રૂ. ૧.૫૧ કરોડથી વધુ હોવાનું જાણવા મળ્યું છે. પોલીસે દારૂ, ટ્રક અને અન્ય સાધનો સહિત કુલ રૂ. ૧.૮૧ કરોડથી વધુનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. આ કેસમાં ટ્રક ચાલક ભૂરારામ કાલુરામ સારણ, રહે. સિંધારી, તાલુકો બાલોત્રા, જિલ્લો રાજસ્થાનની ધરપકડ કરવામાં આવી છે. જ્યારે દારૂ સપ્લાયર ખેમા રામ બેનીવાલ, ટ્રક માલિક રામનિવાસ ઉર્ફે રામલાલ મુલતાના રામ, સુનિલ મુલતાના રામ તેમજ યુકેના વર્ચ્યુઅલ નંબરનો ઉપયોગ કરનાર અજાણ્યા શખ્સને વોન્ટેડ જાહેર કરવામાં આવ્યા છે. પોલીસ સમગ્ર નેટવર્કની વધુ તપાસ ચલાવી રહી છે.

# કોડીનારના જમજીર ધોધ નજીક રીલ્સ બનાવનાર પાંચ શખ્સોની ધરપકડ



કોડીનાર,તા.૦૮

કોડીનાર તાલુકામાં આવેલા જમજીર ધોધ ખાતે જાહેરનામાનો ભંગ કરીને સોશિયલ મીડિયા માટે રીલ્સ બનાવનાર પાંચ શખ્સો સામે ફરિયાદ નોંધવામાં આવી છે. ભૂતકાળમાં અહીં અનેક જીવલેણ અકસ્માતો બન્યા હોવાથી વહીવટી તંત્ર દ્વારા ધોધ નજીક જવા, પાણીમાં પ્રવેશવા અને ન્હાવા પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. તેમ છતાં પાંચ યુવાનોએ ધોધ નજીક જઈ ન્હાતા હોવાના વીડિયો બનાવી સોશિયલ મીડિયામાં વાયરલ કર્યા હતા. વીડિયો તંત્રના ધ્યાનમાં આવતા કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. ગીર સોમનાથના અધિક જિલ્લા મેજિસ્ટ્રેટના આદેશથી તપાસ શરૂ કરવામાં આવી છે. જિલ્લા વહીવટી તંત્રએ જણાવ્યું છે કે પ્રતિબંધનો હેતુ નાગરિકોની સુરક્ષા અને જાનહાનિ અટકાવવાનો છે. જાહેરનામાનો ભંગ કરનાર પાંચ શખ્સોની પોલીસે ધરપકડ કરી છે.

# ધોરાજીના કુતુબશાહ દરગાહ ટ્રસ્ટમાં છેતરપિંડી કરનારા સામે ફરિયાદ નોંધાવવા વકફ બોર્ડનો ચુકાદો

ધોરાજી,તા.૦૮

ધોરાજી શહેરમાં આવેલી કુતુબશાહ દરગાહના ટ્રસ્ટીઓમાં છેલ્લા કેટલાક સમયથી કાનૂની વિવાદ ચાલી રહ્યો હતો. દોઢ વર્ષ પૂર્વે ટ્રસ્ટી અશરફભાઈ પટ્ટણી અને અન્ય બે ટ્રસ્ટીઓને લઈ ટ્રસ્ટમાં ખોટી સહીઓ અને ઠરાવોનો આ સમગ્ર મામલો ગુજરાત રાજ્ય વકફ ટ્રિબ્યુનલ, ગાંધીનગર સુધી મામલો પહોંચ્યો હતો. દોઢ વર્ષના કાનૂની દાવપેચ બાદ વકફ ટ્રિબ્યુનલ દ્વારા ફરિયાદી તરફે ચુકાદો આપવામાં આવ્યો હતો. ફરિયાદીએ વકફ ટ્રિબ્યુનલમાં રજૂઆત કરેલ કે શબ્બીરભાઈ હાજી ઈસ્માઈલભાઈ ગોડિલ અને શાહિદભાઈ શબ્બીરભાઈ ગોડિલ સામે ટ્રસ્ટમાં અને ઠરાવોમાં મનમાની કરતા ઉપરાંત ખોટી સહી કરી છેતરપિંડી કરતા હોવાની દાદ માગી હતી. ટ્રિબ્યુનલમાં ફરિયાદીનો દાવો મંજૂર કરી ગેરકાયદે ઠરાવો રદ કરવા, શબ્બીરભાઈ હાજી ઈસ્માઈલભાઈ ગોડિલએ ટ્રસ્ટી મંડળના ઠરાવમાં બનાવટી સહીઓ ઊભી કરી છેતરપિંડી થી પોતાના પુત્ર શાહિદભાઈ ગોડિલને ટ્રસ્ટી બનાવેલા હોય જે મામલે સ્થાનિક પોલીસ મથકે દિવસ સાત દરમિયાન ફોજદારી ફરિયાદ નોંધાવવાનો હુકમ બજાવ્યો હતો. સાથે અપીલનો ખર્ચ પણ ચૂકવવા જણાવ્યું હતું.

# ઉના નજીક દ્રોણેશ્વર ડેમમાંથી કાપ હટાવવાની તાતી જરૂરિયાત

ગીર ગઢડા,તા.૦૮

ઊના અને ગીરગઢડા પંથકની જીવાદોરી સમાન મછુન્દ્રી નદી પર આવેલો દ્રોણેશ્વર ડેમ હાલ ગંભીર કટોકટીનો સામનો કરી રહ્યો છે. અંદાજે ૩૦ ફૂટની ઊંડાઈ ધરાવતા આ ડેમમાં વર્ષોથી માટીનો કાપ જમા થવાને કારણે હાલ માત્ર ૮ ફૂટ જેટલો જ પાણીનો સંગ્રહ થઈ શકે છે. આ આખી પરિસ્થિતિ પાછળ વહીવટી તંત્રની ભારે ઉદાસીનતા જવાબદાર છે, કારણ કે ડેમના નિર્માણ બાદ ક્યારેય તેમાંથી કાપ કાઢવામાં આવ્યો જ નથી. જો ચોમાસા પહેલાં તંત્ર દ્વારા ખેડૂતોને પોતાના ખર્ચે પણ માટી લઈ જવાની મંજૂરી આપવામાં આવે, તો સરકારના કરોડો રૂપિયા બચશે અને ખેડૂતોને ખેતી માટે ફળદ્રુપ માટી મળશે. આ આયોજનથી સ્થાનિક ૧૦ ગામોની પીવાના અને સિંચાઈના પાણીની વિકટ સમસ્યાનો કાયમી ઉકેલ લાવી શકાશે.

# રાજ્યની ૧૫૨ પાલિકાઓ દેવાના ડુંગર તળે, રૂ. ૧૪૮ કરોડનું પાણીનું બિલ બાકી



અમદાવાદ, તા.૦૮

એક તરફ વિકાસના ઉત્સવો ઉજવાઈ રહ્યા છે, ત્યારે બીજી તરફ ગુજરાતની સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની આર્થિક સ્થિતિ અત્યંત કથળી ગઈ છે. રાજ્યની ૧૫૨ નગરપાલિકાઓ હાલ દેવાના ડુંગર તળે દબાયેલી છે અને પ્રજાને શુદ્ધ પીવાનું પાણી પૂરું પાડતી આ પાલિકાઓનું આશરે રૂ. ૧૪૮ કરોડનું પાણીનું બિલ બાકી બોલે છે. સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ પૂર્ણ થતાં જ સરકારે કડક વલણ અપનાવ્યું છે. તંત્ર દ્વારા વિકાસ ગ્રાન્ટોમાં કાપ મૂકવાનું શરૂ કરાતાં ચોમાસામાં રસ્તા અને ગટર જેવી પાયાની સુવિધાઓ ઠીક કરવા સામે સવાલો ઊભા થયા છે. હવે સરકારે વેરા વસૂલાત ઝુંબેશના નામે કાયદાનો ડર બતાવી પ્રજા અને વેપારીઓ પાસેથી કડક ઉઘરાણી કરવા સક્ષમ અધિકારીઓની ફોજ ઉતારવાની તૈયારી કરી છે.


**મામલતદાર અને એકઝીક્યુટિવ મેજિસ્ટ્રેટની કોર્ટમાં, ભેંસાણ**

-:: જાહેર નોટીસ ::-

કેસ.નં.જન્મ-મરણ/૫૬/૨૦૨૬

શ્રી જુબેદાબેન રજાકભાઈ ચોટલીયા,
રહે.મસ્જિદ પાસે, બિલખા, તા.જી.જુનાગઢ
એડવોકેટ : હરીલાલ રામજીભાઈ પરમાર
"બિપીન સ્મૃતિ" બહારપરા, સરમાળીયા ચોક, અમરેલી ........વાદી

**વિરૂધ્ધ**

જન્મ-મરણ રજીસ્ટ્રારશ્રી,
ગ્રામ પંચાયત કચેરી - રાણપુર
તા.ભેંસાણ, જી-જુનાગઢ .....પ્રતિવાદી

જન્મ મરણ અધિનિયમ - ૧૯૬૯ ની કલમ ૧૩ (૩) હેઠળની અરજી અન્વયે જાહેર નોટીસ દ્વારા આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારશ્રી જુબેદાબેન રજાકભાઈ ચોટલીયા દ્વારા તેઓના પુત્રીશ્રી યાસ્મીન રજાકભાઈ ચોટલીયાનો જન્મ તા.૦૨/૦૩/૧૯૮૩ના રોજ ગામ મોજેઃ રાણપુર, તા.ભેંસાણ, જિ.જુનાગઢ મુકામે થયેલ પરંતુ જે તે વખતે કાયદાની અજ્ઞાનતાને કારણે તેમની જન્મ નોંધ ગ્રામ પંચાયત કચેરી - રાણપુર, તા.ભેંસાણ, જિ.જુનાગઢના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોય, જન્મની નોંધ કરાવવા અરજી કરેલ છે. આ અરજીના અનુસંધાનમાં કોઈ ઈસમને વાંધા યા તકરાર હોય તો આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયા તારીખથી ૩૦ દિવસ સુધીમાં અત્રેની કોર્ટમાં જરૂરી આધાર પુરાવાઓ સાથે વાંધો રજૂ કરવો અન્યથા આગળની ન્યાયિક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ તારીખ :- ૬ મી માહે : જુન સને : ૨૦૨૬ નાં રોજ મારી સહી તથા સિક્કા કરી આપ્યા.

સહી,
(આઈ.આર. પારગી)
મામલતદાર અને
એકઝીક્યુટિવ મેજીસ્ટ્રેટ
ભેંસાણ


# ચોમાસું મહારાષ્ટ્ર પહોંચ્યું : ૧૫ જૂન પછી ગુજરાતમાં સત્તાવાર આગમનની આગાહી



અમદાવાદ,તા.૦૮

દેશમાં ચોમાસું અને પ્રી-મોન્સૂન પ્રવૃત્તિઓ પૂર્ણપણે સક્રિય થઈ ગઈ છે. કેરળથી પ્રવેશ્યા બાદ ચોમાસું અત્યાર સુધીમાં મહારાષ્ટ્ર, કર્ણાટક, ગોવા અને તમિલનાડુ સહિત સાત રાજ્યોમાં પહોંચી ચૂક્યું છે. હવામાન વિભાગ (IMD) ના જણાવ્યા અનુસાર, આગામી ૧૧ જૂને નવું વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ સક્રિય થવાને કારણે ૧૨ જૂન સુધીમાં દેશના ૧૩થી વધુ રાજ્યોમાં હળવાથી ભારે વરસાદ થઈ શકે છે.ગુજરાતમાં આગામી ૧૫ જૂન પછી ગમે ત્યારે સત્તાવાર ચોમાસાની શરૂઆત થઈ જશે. હાલ રાજ્યમાં સાયક્લોનિક સર્ક્યુલેશનની અસર અને પ્રી-મોન્સૂન એક્ટિવિટીના કારણે દક્ષિણ ગુજરાતના નવસારી, વલસાડ, સુરત તેમજ સૌરાષ્ટ્રના અમરેલી, ભાવનગર અને ગીર સોમનાથમાં વીજળીના કડાકા-ભડાકા સાથે હળવોથી મધ્યમ વરસાદ પડવાની શક્યતા છે.


-:: જાહેર નોટીસ ::-

**-// એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, કોડીનાર //-**

અરજી નં.132/2026
જન્મ તારીખ : 03/02/1987

શ્રી લાખીબેન નાનજીભાઈ વંશ,
રહે.મુળ દ્વારકા, ગામ-કોડીનાર તાલુકો-કોડીનાર,
જિલ્લો-ગીર સોમનાથ ...........અરજદાર

**વિરૂધ્ધ**

રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી - કમ - મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત, મુળ દ્વારકા, તા. કોડીનાર,
જિલ્લો-ગીરસોમનાથ .........સામાવાળા

**બાબત : જન્મ-મરણ નોંધણી અન્વયે જન્મની નોંધણી કરાવવા બાબત**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી શ્રી લાખીબેન નાનજીભાઈ વંશ, રહે.મુળ દ્વારકા, તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ વાળાએ જન્મ મરણ નોંધણી કાયદો-૧૯૬૯ની કલમ-૧૩(૩) તળેની અરજીથી નાનજી દેવાભાઈ વંશ તથા લાખીબેન નાનજીભાઈ વંશ ના પુત્રી મિનાક્ષી નાનજી વંશનો જન્મ તારીખ.03/02/1987ના રોજ કોડીનાર તાલુકાના મુળ દ્વારકા મુકામે થયેલ છે,જે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રે રજુ કરેલ છે.

આ અરજી મુજબ સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર-પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ રોજ તા.૦૮/૦૬/૨૦૨૬નાં રોજ કોર્ટનો સહી સક્કો કરી આપ્યો.

કોર્ટનો સિક્કો

હુકમથી
સહી
(એચ.કે.ભાસ્કર)
એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
કોડીનાર

# ઈરાન અને ઈઝરાયલ વચ્ચે ફરી મિસાઈલ હુમલો

તેહરાન / જેરૂસલેમ, તા. ૦૮



એપ્રિલની શરૂઆતમાં યુધ્ધ વિરામ અમલમાં આવ્યા બાદ ઈરાન દ્વારા ઈઝરાયલ પર પ્રથમ મોટો મિસાઈલ હુમલો કરવામાં આવ્યો છે. ઈઝરાયલે દાવો કર્યો છે કે આ અસંખ્ય મિસાઈલ હુમલાથી શાંતિ માટેના તમામ રાજદ્વારી પ્રયાસોને મોટો ફટકો પડ્યો છે. ઈરાનના ઈસ્લામિક રિવોલ્યુશનરી ગાર્ડ કોર્પ્સએ આ હુમલાને 'ઓપરેશન નાસર' નામ આપી દાવો કર્યો છે કે તેમણે ઈઝરાયલના નેવાટીમ અને ટેલ નોફ એરબેઝને સફળતાપૂર્વક નિશાન બનાવ્યા છે. ઈરાન મુજબ, આ હુમલો તેમના રડાર સ્થાપનો પર થયેલા હુમલાનો જવાબ હતો. હુમલા બાદ મધ્ય ઈઝરાયલ, ગુશ દાન અને જેરૂસલેમમાં સાયરન વાગવા લાગ્યા હતા અને હવાઈ ક્ષેત્ર અસ્થાયી રૂપે બંધ કરાયું છે. સામે પક્ષે, ઈઝરાયલી વાયુસેનાએ પણ દક્ષિણ-પશ્ચિમ ઈરાનના વ્યૂહાત્મક 'માહશહર પેટ્રોકેમિકલ સંકુલ' પર હવાઈ હુમલાની પુષ્ટિ કરી છે. સેનાએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'X' પર જણાવ્યું કે તેમણે આ ઉર્જા હબના સ્થાપનોને નિશાન બનાવ્યા છે. આ સિવાય ઈઝરાયલે સોમવારે સવારે તાબ્રીઝ, તેહરાન અને ઈસ્ફહાનના સૈન્ય કેન્દ્રો પર પણ હવાઈ હુમલા કર્યા હતા. બીજી તરફ, યમનના હુથી બળવાખોરોએ ઈરાનને ખુલ્લો ટેકો આપી ઈઝરાયલને ગંભીર પરિણામોની ચેતવણી આપી છે. વર્તમાન યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ તણાવ ઓછો કરવા અપીલ કરી રહ્યા છે. સાઉદી અરેબિયાના અલ-ખાર્જ એરબેઝ પર હુમલાની અફવા બાદ જાહેર કરાયેલું હાઈ એલર્ટ ઈરાનની સ્પષ્ટતા પછી પાછું ખેંચાયું છે. આ સમગ્ર ઘટનાક્રમે પશ્ચિમ એશિયાને મોટા યુધ્ધની અણી પર લાવી દીધું છે.

# વિશાખાપટ્ટનમના વિઝાગ સ્ટીલ પ્લાન્ટમાં દુર્ઘટનામાં ૮ કર્મચારીના મોત નિપજ્યા

વિશાખાપટ્ટનમ,તા.૦૮



આંધ્ર પ્રદેશના વિશાખાપટ્ટનમ સ્થિત વિઝાગ સ્ટીલ પ્લાન્ટમાં સોમવારે એક ગંભીર ઔદ્યોગિક દુર્ઘટના સર્જાઈ હતી, જેમાં આઠ કર્મચારીઓના દુઃખદ મોત થયા હતા. અકસ્માત દરમિયાન અનેક કર્મચારીઓ ઘાયલ થતાં તેમને તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. પ્રાપ્ત માહિતી મુજબ, પ્લાન્ટમાં ક્રેનની મદદથી એક વિશાળ બકેટમાં ભરેલું પીગળેલું લોખંડ એક વિભાગમાંથી બીજા વિભાગમાં લઈ જવામાં આવી રહ્યું હતું. તે દરમિયાન બકેટમાંથી અત્યંત ગરમ પીગળેલું લોખંડ અચાનક બહાર ફેલાઈ ગયું હતું. લોખંડનો પ્રવાહ ત્યાં ફરજ બજાવી રહેલા કર્મચારીઓ પર પડતાં ગંભીર દાઝની ઈજાઓ પહોંચી હતી. આ ઘટના રાષ્ટ્રીય ઈસ્પાત નિગમ લિમિટેડ (ઈંદ્રન) સંચાલિત વિઝાગ સ્ટીલ પ્લાન્ટમાં બની હતી. અકસ્માત બાદ સમગ્ર પ્લાન્ટ પરિસરમાં અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. રાહત અને બચાવ ટીમોએ તાત્કાલિક કામગીરી હાથ ધરી ઘાયલોને સુરક્ષિત રીતે બહાર કાઢી હોસ્પિટલમાં પહોંચાડ્યા હતા. ઘટનાની તપાસ શરૂ કરવામાં આવી છે અને અકસ્માતના ચોક્કસ કારણો જાણવા પ્રયાસ કરવામાં આવી રહ્યો છે.

# રામમંદિરના દાનમાં ગેરરીતિના આક્ષેપ, અખિલેશ યાદવે તપાસની માંગ કરી

લખનૌ, તા.૦૮



સમાજવાદી પાર્ટીના પ્રમુખ અખિલેશ યાદવએ અયોધ્યાના રામમંદિરને મળેલા દાનમાં કરોડો રૂપિયાની ગેરરીતિ થયાનો ગંભીર આક્ષેપ કર્યો છે. તેમણે સોશિયલ મીડિયા પર પોસ્ટ કરીને આ મુદ્દાને વિશ્વભરના રામભક્તોની આસ્થા સાથે જોડાયેલો સંવેદનશીલ વિષય ગણાવ્યો અને કોર્ટને સ્વતઃ સંજ્ઞાન લેવાની અપીલ કરી હતી. અખિલેશ યાદવે મંદિર ટ્રસ્ટ અને સરકારના મૌન પર પણ સવાલો ઉઠાવ્યા હતા. આ મામલે સ્પષ્ટતા ન થવી શંકા ઊભી કરે છે. બીજી તરફ, ચંપત રાયેએ આક્ષેપોને નકારી કાઢતાં જણાવ્યું કે ટ્રસ્ટનું આંતરિક ઓડિટ ચાલી રહ્યું છે અને અત્યાર સુધી કોઈ ગેરરીતિ સામે આવી નથી. આ મુદ્દે રાજકીય વર્તુળોમાં ચર્ચા તેજ બની છે.

# પીઓકેમાં હિંસક અથડામણમાં ૭ના મોત, ૬૦થી વધુ ઘાયલ, ઈન્ટરનેટ સેવાઓ બંધ

રાવલકોટ, તા.૦૮



પાકિસ્તાન અધિકૃત કાશ્મીર (પીઓકે)માં સ્થિતિ તંગ બની ગઈ છે. રાવલકોટ શહેરમાં પોલીસ અને પ્રદર્શનકારીઓ વચ્ચે થયેલી હિંસક અથડામણમાં ઓછામાં ઓછા ૭ લોકોના મોત થયા હોવાનું જાણવા મળ્યું છે, જ્યારે ૬૦થી વધુ લોકો ઘાયલ થયા છે. મૃતકોમાં ૩ નાગરિકો અને ૪ પોલીસ અધિકારીઓનો સમાવેશ થાય છે. માહિતી મુજબ, પ્રતિબંધિત જાહેર કરાયેલા 'જોઈન્ટ અવામી એક્શન કમિટી' સાથે જોડાયેલા વિરોધ પ્રદર્શન દરમિયાન સ્થિતિ બેકાબૂ બની હતી. પોલીસ અને પ્રદર્શનકારીઓ વચ્ચે ઘર્ષણ વધતા હિંસા ફાટી નીકળી હતી. ઘટનામાં ૨૩થી વધુ પોલીસકર્મીઓ સહિત અનેક લોકો ઈજાગ્રસ્ત થયા છે. વધતા તણાવને પગલે પીઓકેના અનેક વિસ્તારોમાં ઈન્ટરનેટ અને ટેલિકોમ સેવાઓ અસ્થાયી રીતે બંધ કરી દેવામાં આવી છે. મુઝફ્ફરાબાદ સહિતના સંવેદનશીલ વિસ્તારોમાં વધારાના સુરક્ષા દળો તહેનાત કરાયા છે. સ્થાનિક લોકો મોંઘવારી, બેરોજગારી, વીજળીની અછત અને વિકાસના અભાવ જેવા મુદ્દાઓને લઈને પણ અસંતોષ વ્યક્ત કરી રહ્યા છે.

# મની લોન્ડરિંગ કેસમાં હેમંત સોરેનને ઝટકો, ડિસ્ચાર્જ અરજી નામંજૂર

રાંચી, તા.૦૮

ઝારખંડના મુખ્યમંત્રી હેમંત સોરેનને કથિત મની લોન્ડરિંગ કેસમાં કાનૂની ફટકો પડ્યો છે. રાંચીની પીએમએલએ વિશેષ અદાલતે બરગેન વિસ્તારની ૮.૮૬ એકર જમીન સાથે જોડાયેલા કેસમાં તેમની ડિસ્ચાર્જ અરજી ફગાવી દીધી છે. કોર્ટે બંને પક્ષોની દલીલો સાંભળ્યા બાદ જણાવ્યું કે ઉપલબ્ધ દસ્તાવેજો અને પુરાવાઓના આધારે આ તબક્કે આરોપીને કેસમાંથી મુક્ત કરવા પૂરતો આધાર નથી. આ કેસ જમીનના કથિત ગેરકાયદેસર સંપાદન અને તેનાથી સંબંધિત મની લોન્ડરિંગના આરોપો સાથે જોડાયેલો છે, જેની તપાસ એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED) કરી રહ્યું છે. સોરેને પોતાની અરજીમાં આરોપોને તથ્યવિહોણા ગણાવ્યા હતા, જ્યારે ઈડીએ કોર્ટમાં દલીલ કરી હતી કે તપાસ દરમિયાન મળેલા પુરાવા ટ્રાયલ ચલાવવા માટે પૂરતા છે. કોર્ટના આ નિર્ણય બાદ હવે કેસની આગળની ન્યાયિક કાર્યવાહી ચાલુ રહેશે.

# મોંઘવારી, બેરોજગારી અને આર્થિક મુદ્દાઓ પર સરકારને ઘેરશે ઈન્ડિયા ગઠબંધન

નવી દિલ્હી, તા.૦૮




દિલ્હીના કોન્સ્ટિટ્યુશન ક્લબમાં યોજાયેલી ઈન્ડિયા ગઠબંધનની બેઠકમાં કેન્દ્ર સરકાર સામે સંયુક્ત રણનીતિ ઘડવા અંગે ચર્ચા કરવામાં આવી હતી. બેઠકમાં કોંગ્રેસ, તૃણમૂલ કોંગ્રેસ, સમાજવાદી પાર્ટી સહિત ૨૫ જેટલા પક્ષોના પ્રતિનિધિઓએ ભાગ લીધો હતો. ગઠબંધનના નેતાઓએ મોંઘવારી, બેરોજગારી, આર્થિક મંદી, ખેડૂતોના પ્રશ્નો અને પરીક્ષા પ્રણાલીમાં અનિયમિતતાઓ જેવા મુદ્દાઓને દેશવ્યાપી સ્તરે ઉઠાવવાનો નિર્ણય કર્યો.

મલ્લિકાર્જુન ખડગેએ જણાવ્યું કે ગઠબંધન સંસદના ચોમાસુ સત્ર દરમિયાન એકજૂથ રહીને સરકારને ઘેરશે. તેમણે વધતી કિંમતો, રોજગારીના અભાવ અને આર્થિક પડકારો અંગે ચિંતા વ્યક્ત કરી હતી.

બેઠકમાં નીટ અને અન્ય પરીક્ષાઓમાં થયેલી કથિત ગેરરીતિઓનો મુદ્દો પણ ઉઠાવવામાં આવ્યો હતો. ગઠબંધને ચૂંટણી પ્રક્રિયા અને મતાધિકાર સંબંધિત મુદ્દાઓ અંગે ભારતના મુખ્ય ન્યાયાધીશને પત્ર લખવાનો પણ નિર્ણય કર્યો છે. આગામી બેઠક ઓગસ્ટમાં હૈદરાબાદમાં યોજાશે.

# ટીએમસીમાં બળવાના સંકેત, ૨૦થી વધુ સાંસદો એનડીએને ટેકો આપવા તૈયાર હોવાના અહેવાલ

નવી દિલ્હી, તા.૦૮



પશ્ચિમ બંગાળમાં વિધાનસભા ચૂંટણી બાદ તૃણમૂલ કોંગ્રેસ (ટીએમસી)માં આંતરિક અસંતોષ વધુ ગાઢ બનતો દેખાઈ રહ્યો છે. સૂત્રોના જણાવ્યા મુજબ, ૨૦થી વધુ લોકસભા સાંસદોએ લોકસભા સ્પીકરને પત્ર લખીને અલગ રાજકીય વલણ અપનાવવાના સંકેત આપ્યા છે. અહેવાલો મુજબ, કેટલાક સાંસદો અલગ જૂથ રચવા અથવા નવી રાજકીય દિશા તરફ આગળ વધવા અંગે વિચારણા કરી રહ્યા છે.

ટીએમસી સાંસદ કાકોલી ઘોષ દસ્તીદારે દાવો કર્યો છે કે આશરે ૨૦ સાંસદોએ ભાજપના નેતૃત્વ હેઠળના એનડીએને ટેકો આપવાની ઈચ્છા વ્યક્ત કરી છે. આ અંગે લોકસભા સ્પીકરને પત્ર મોકલવામાં આવ્યો હોવાનું પણ જણાવાયું છે.

આ ઘટનાક્રમ એવા સમયે સામે આવ્યો છે જ્યારે પક્ષમાં નેતૃત્વ અને કાર્યશૈલીને લઈને ચર્ચાઓ ચાલી રહી છે. રાજકીય નિરીક્ષકોના મતે, જો આ અસંતોષ આગળ વધશે તો ટીએમસી માટે તે મોટો રાજકીય પડકાર બની શકે છે.

# ઉજ્જવલા યોજનાના લાભાર્થીઓને વર્ષમાં હવે માત્ર ૪ સબસિડીવાળા LPG સિલિન્ડર મળશે

નવી દિલ્હી,તા.૦૮




કેન્દ્ર સરકારની પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજના હેઠળ લાભાર્થીઓને મળતા સબસિડીવાળા LPG સિલિન્ડરની સંખ્યામાં ઘટાડો કરવામાં આવ્યો છે. પેટ્રોલિયમ મંત્રાલયે સોમવારે જણાવ્યું હતું કે હવે લાભાર્થીઓને વર્ષમાં ૯ના બદલે માત્ર ૪ સબસિડીવાળા સિલિન્ડર મળશે. મધ્ય પૂર્વમાં અમેરિકા અને ઈરાન વચ્ચે વધેલા તણાવ અને તેના કારણે આંતરરાષ્ટ્રીય બજારમાં LPGના ભાવમાં થયેલા વધારાને ધ્યાનમાં રાખીને આ નિર્ણય લેવામાં આવ્યો છે. હાલમાં ઉજ્જવલા યોજનાના લાભાર્થીઓને દરેક સિલિન્ડર પર ૩૦૦ રૂપિયાની સબસિડી આપવામાં આવે છે. દિલ્હીમાં ૧૪.૨ કિલોગ્રામના ઘરેલુ LPG સિલિન્ડરની કિંમત ૯૪૨ રૂપિયા છે, જ્યારે સબસિડી બાદ લાભાર્થીઓને તે ૬૪૨ રૂપિયામાં મળે છે. વર્ષ ૨૦૧૬માં શરૂ થયેલી આ યોજના હેઠળ ગરીબ પરિવારોની મહિલાઓને મફત LPG કનેક્શન આપવામાં આવ્યું હતું.

# અયોધ્યામાં STF-પોલીસના એન્કાઉન્ટરમાં ૪૦ ગુનાઓનો આરોપી ભાનુ પ્રતાપ ઠાર

લખનૌ, તા.૦૮

ઉત્તર પ્રદેશના અયોધ્યામાં પોલીસ અને સ્પેશિયલ ટાસ્ક ફોર્સ (STF) સાથે થયેલા એન્કાઉન્ટરમાં કુખ્યાત ગુનેગાર ભાનુ પ્રતાપ સિંહ ઉર્ફે બબલુનું મોત થયું છે. તેના વિરુદ્ધ હત્યા, લૂંટ, ખંડણી સહિતના ૪૦ જેટલા ગંભીર ગુનાઓ નોંધાયેલા હતા અને તેના માથા પર કુલ રૂ. ૧.૯૦ લાખનું ઈનામ જાહેર કરવામાં આવ્યું હતું. પોલીસના જણાવ્યા મુજબ, STFને ભાનુ પ્રતાપની હાજરી અંગે બાતમી મળતા તેને ઘેરવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. આ દરમિયાન તેણે પોલીસ પર ગોળીબાર કર્યો, જેના જવાબમાં પોલીસે કાર્યવાહી કરી હતી. ઘાયલ હાલતમાં તેને હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો, જ્યાં તેનું મૃત્યુ થયું હતું. એન્કાઉન્ટર દરમિયાન બે પોલીસકર્મીઓ પણ ઘાયલ થયા હતા.

# એકમાત્ર ટેસ્ટમાં ભારતે અફઘાનિસ્તાનને એક ઈનિંગ્સ અને ૩૦૦ રનથી હરાવ્યું

ચંડીગઢ,તા.૦૮

ભારતે ન્યૂ ચંદીગઢમાં રમાયેલી ટેસ્ટ મેચમાં અફઘાનિસ્તાનને ઈનિંગ્સ અને ૩૦૦ રનથી હરાવ્યું છે. ટેસ્ટ ક્રિકેટમાં ઈન્ડિયન ટીમની આ અત્યાર સુધીની સૌથી મોટી જીત છે. ભારતની આ પહેલાની સૌથી મોટી જીત ઈનિંગ્સ અને ૨૭૨ રનના અંતરથી હતી, જે ૨૦૧૮માં વેસ્ટ ઈન્ડીઝ વિરુદ્ધ રાજકોટમાં મળી હતી. મેચના ત્રીજા દિવસે અફઘાનિસ્તાનની ટીમ બીજી ઈનિંગ્સમાં ૧૧૨ રન બનાવીને ઓલઆઉટ થઈ ગઈ. આ પહેલા ભારતે પોતાની પહેલી ઈનિંગ્સ ૫૬૪/૮ના સ્કોર પર ડિક્લેર કરી દીધી હતી. જેના જવાબમાં અફઘાનિસ્તાનની પહેલી ઈનિંગ્સ ૧૫૨ રન પર સમેટાઈ ગઈ હતી અને તેમણે ફોલોઓન રમવું પડ્યું હતું. અફઘાનિસ્તાનની બીજી ઈનિંગ્સમાં વોશિંગ્ટન સુંદરે ૪ અને કુલદીપ યાદવે ૩ વિકેટ લીધી. ડેબ્યૂ મેચ રમી રહેલા માનવ સુથાર અને મોહમ્મદ સિરાજે ૧-૧ વિકેટ મેળવી. સુથારે અફઘાનિસ્તાનની પહેલી ઈનિંગ્સમાં ૬ વિકેટ લીધી હતી. આ રીતે તેણે મેચમાં કુલ ૭ વિકેટ ઝડપી હતી.

# ફિલિપાઈન્સમાં ૭.૮ની તીવ્રતાનો ભૂકંપ, સુનામીની ચેતવણીથી દરિયાકાંઠા વિસ્તારોમાં એલર્ટ

માલુકુ, તા.૦૮



દક્ષિણ ફિલિપાઈન્સમાં સોમવારે સવારે ૭.૮ની તીવ્રતાનો શક્તિશાળી ભૂકંપ આવતા સુનામીની ચેતવણી જાહેર કરવામાં આવી હતી. ભૂકંપનું કેન્દ્રબિંદુ મિન્ડાનાઓ ટાપુ પર જનરલ સેન્ટોસ સિટીથી આશરે ૧૩ કિલોમીટર દક્ષિણ-પશ્ચિમમાં ૧૦ કિલોમીટરની ઊંડાઈએ નોંધાયું હતું. ભૂકંપ બાદ કેટલાક વિસ્તારોમાં વીજ પુરવઠો ખોરવાઈ ગયો હતો અને સ્થાનિક વહીવટીતંત્રે લોકોને સાવચેતીના ભાગરૂપે ઊંચી તથા સુરક્ષિત જગ્યાઓએ ખસવાની અપીલ કરી હતી. પેસિફિક સુનામી વૉર્નિંગ સેન્ટરે ફિલિપાઈન્સના કેટલાક દરિયાકાંઠા વિસ્તારોમાં ૩ મીટર સુધીના સુનામી મોજાં ઊભા થઈ શકે તેવી ચેતવણી આપી છે. જ્યારે ઈન્ડોનેશિયા અને મલેશિયાના કેટલાક વિસ્તારોમાં ૧ મીટર સુધીના મોજાં અથડાવાની શક્યતા દર્શાવવામાં આવી છે. તાઈવાન, જાપાન, ગુઆમ, પાપુઆ ન્યૂ ગિની સહિત પશ્ચિમ પેસિફિકના અનેક ટાપુઓમાં પણ નાના સુનામી મોજાંની અસર થઈ શકે છે. અધિકારીઓના જણાવ્યા મુજબ હજુ સુધી જાનહાનિ કે મોટા નુકસાનના કોઈ અહેવાલ મળ્યા નથી. ફિલિપાઈન્સ 'રિંગ ઓફ ફાયર' વિસ્તારમાં આવેલું હોવાથી ત્યાં ભૂકંપ અને જ્વાળામુખી પ્રવૃત્તિઓ વારંવાર જોવા મળે છે.

# હોર્મુઝ સ્ટ્રેટમાં ઓઈલ ટેન્કરમાં આગ, ૨૪ ભારતીય નાવિકો સુરક્ષિત બચાવાયા

નવી દિલ્હી,તા.૦૯



હોર્મુઝ સ્ટ્રેટ નજીક એક ઓઈલ ટેન્કરમાં આગ લાગવાની ઘટનામાં ભારતીય નૌકાદળે સમયસર બચાવ કામગીરી હાથ ધરી ૨૪ ભારતીય નાવિકોને સુરક્ષિત રીતે બહાર કાઢ્યા હતા. પ્રારંભિક અહેવાલો મુજબ જહાજ પર હુમલો થયાની આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે, જોકે આ અંગે હજુ સુધી કોઈ સત્તાવાર પુષ્ટિ કરવામાં આવી નથી. ઘટનાને કારણે સમગ્ર વિસ્તારમાં સુરક્ષા અંગે ચિંતા વધી છે. આ દરમિયાન ઈરાને જાહેરાત કરી છે કે તેણે હાલ પૂરતું ઈઝરાયલ વિરુદ્ધની પોતાની સૈન્ય કાર્યવાહી સ્થગિત કરી છે. જોકે ઈરાને સ્પષ્ટ ચેતવણી આપી છે કે જો ઈઝરાયલ દ્વારા ફરીથી લેબનોન અથવા અન્ય વિસ્તારોમાં હુમલો કરવામાં આવશે તો તેનો વધુ કડક અને અસરકારક જવાબ આપવામાં આવશે. બીજી તરફ અમેરિકા યુદ્ધવિરામ અને શાંતિ સ્થાપવાના પ્રયાસોમાં સક્રિય બન્યું છે. અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે જણાવ્યું છે કે ઈઝરાયલ અને ઈરાન બંને સંઘર્ષનો અંત લાવવા ઈચ્છે છે. ભારત સરકારે પણ ઈરાનમાં રહેલા ભારતીય નાગરિકોને સતર્ક રહેવા અને જરૂરી હોય તો તાત્કાલિક સ્થળાંતર કરવાની સલાહ આપી છે.




**જેમના જીવનની દરેક ક્ષણ સેવા અને રાષ્ટ્રહિત પ્રત્યેની અડગ પ્રતિબદ્ધતાનું પ્રતીક છે, જેમના માટે જનકલ્યાણ જ જીવનસાધના છે, એવા સેવાભાવી શ્રી નરેન્દ્ર મોદીજીના નેતૃત્વમાં ભારતની અવિરત પ્રગતિ થઇ રહી છે એવું સમગ્ર દેશ કહી રહ્યો છે...**

# 12 વર્ષ વિશ્વાસના, વિકાસના, જનકલ્યાણના

## ગરીબ કલ્યાણ

- **81 કરોડથી વધુ** નાગરિકોને દર મહિને **નિ:શુલ્ક અનાજ**
- **4 કરોડથી વધુ પીએમ આવાસ, 10.5 કરોડથી વધુ ઉજ્જવલા ગેસ કનેક્શન** અને **12 કરોડથી વધુ શૌચાલયો**થી જીવન બન્યું સરળ

## યુવાશક્તિ

- અંદાજે **2 કરોડ** યુવાનોને **કૌશલ્ય તાલીમ**
- **₹40 લાખ કરોડથી વધુ**ની **મુદ્રા લોન**
- દેશભરમાં **2.2 લાખ સ્ટાર્ટઅપ્સ**
- **10,000થી વધુ અટલ ટિંકરિંગ લેબ્સ** દ્વારા નવીનતાને પ્રોત્સાહન

## ખેડૂત કલ્યાણ

- **₹4.3 લાખ કરોડ**ની પીએમ કિસાન સમ્માન નિધિ
- **4 કરોડથી વધુ** ખેડૂતોને **₹2 લાખ કરોડ**નું **પાક વીમા કવચ**
- **₹26 લાખ કરોડથી વધુ**ના પાકની ખરીદી **MSP** પર
- **8 કરોડ** ખેડૂતોને **કિસાન ક્રેડિટ કાર્ડ**

## નારીશક્તિ

- **32 કરોડથી વધુ** મહિલાઓના **જનધન ખાતા** ખુલ્યા
- સેનામાં મહિલાઓને મળ્યું **સ્થાયી કમિશન**
- **3 કરોડથી વધુ 'લખપતિ દીદી'**
- **10 કરોડ** ગ્રામીણ મહિલાઓ **91 લાખથી વધુ સ્વ-સહાય જૂથો**ના માધ્યમથી બની સશક્ત

## આરોગ્ય

- **70 વર્ષથી વધુ** વયના વરિષ્ઠ નાગરિકોને પણ **₹5 લાખ** સુધી **મફત સારવાર**
- **60 કરોડથી વધુ** લોકોને **આયુષ્માન ભારત**નું સુરક્ષા કવચ
- દેશભરમાં **19,000થી વધુ જનઔષધિ કેન્દ્રો**માં **90%** સુધી સસ્તી દવાઓ

## મધ્યમવર્ગીય પરિવાર

- **₹12.75 લાખ** સુધીની વાર્ષિક આવક **કરમુક્ત**
- **ઉડાન યોજના** હેઠળ **1.6 કરોડથી વધુ** મુસાફરોએ કરી સસ્તી હવાઈ યાત્રા
- **એમબીબીએસ** બેઠકોની સંખ્યા 151% વધીને અંદાજે **1.3 લાખ** થઈ

## રાષ્ટ્ર નિર્માણ

- **26** શહેરોમાં વિસ્તર્યું **1,100 કિ.મી.** થી વધુનું **મેટ્રો નેટવર્ક**
- દેશભરમાં દોડી રહી છે **164 વંદે ભારત ટ્રેનો**
- અટલ સેતુ, સુદર્શન સેતુ, ચિનાબ રેલ બ્રિજ, બોગીબિલ બ્રિજ, પંબન બ્રિજ જેવા **વિશાળ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સનું નિર્માણ**
- **એરપોર્ટ્સ**ની સંખ્યા 74થી વધીને **164** થઈ

## રાષ્ટ્ર પ્રથમ

- આશરે **₹38,400 કરોડ**નું રેકોર્ડ **ડિફેન્સ એક્સપોર્ટ**
- **નક્સલવાદમુક્ત ભારત**નું સપનું થયું સાકાર, આતંકવાદ સામે **'ઝીરો ટોલરન્સ' નીતિ**
- ગુલામીની માનસિકતામાંથી મુક્તિ – રાજપથ બન્યો **કર્તવ્ય પથ** અને **છત્રપતિ શિવાજી મહારાજ**ની **મુદ્રા**થી પ્રેરિત **નૌસેનાનો નવો ધ્વજ**

## વારસો અને વિકાસ

- અયોધ્યામાં **ભવ્ય રામ મંદિર**નું નિર્માણ
- કાશી વિશ્વનાથ ધામ, મહાકાલ મહાલોક અને કેદારનાથ ધામનો **કાયાકલ્પ**

ગરીબ કલ્યાણ, યુવાશક્તિ અને નારીશક્તિના સશક્તિકરણ થકી દેશને અગ્રેસર કરતા આ **'૧૨ વર્ષ વિશ્વાસના, વિકાસના, જનકલ્યાણના'** એ **આદરણીય વડાપ્રધાનશ્રીની રાષ્ટ્રહિત** પ્રત્યેની અતૂટ પ્રતિબદ્ધતાનું પ્રતીક છે. - **શ્રી હર્ષ સંઘવી,** માનનીય નાયબ મુખ્યમંત્રી, ગુજરાત

